Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

नः नन्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेयाहिताग्निनेवाग्निस्तच्छुश्रूषा । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरसङ्गत्यागः विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

पुस्तक २५ मुं. पोश. सं. १९६६ शाके १८३१. अंक १० मो.

## जगत् अने हृदय.*

(लखनार मोहनलाल दलीचंद देशाई बी. ए.)

જગત્વાસી કહે "મૂરખ, અને તું છે ઘણો ભોળો
જગત્‌ની જાળ દેખી ના, જગત્ ફોલી તને ખાશે." ૧

બની સ્નેહી વદે તે તો, "દયા આવે બાપલા!
થશે તારૂં જગત્‌માં શું, રહ્યો જો આમ તું ભલા!" ૨

"નિખાલસ દિલ સરળ રાખે, કટુ ફળ તું બહુ ચાખે
જીગરનો આ જમાનો ના, અમે ડાહ્યા તું ડાહ્યો થા." ૩

"માલ વ્યવહારી થવામાં, દુનિયા છે કારમી
લુચ્ચા થવું લુચ્ચાઈ સામે, ગપ્પી સાથ થવું ગપી
જગત્‌ની જાળમાં તંતુ બની રે'વું; જગત્‌માં આ
મુરખ બનવું અને કોઈ થકી જો છેતરાવું ના." ૪

* આ કાવ્યના બાર છંદમાં બીજો અનુષ્ટુપ્ છે, ચોથો હરિગીતની રાહમાં છે, ... ભૂ-રિણી છે અને બાકીના સર્વ ગઝલની રાહમાં છે. મો૦ દ૦ દે૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયાનુસારી કહે છે:—

"બધું જાણું તમે જે કહો, તમો દુનિયાને બહુ જાણું
જગત્‌માં દૃષ્ટિ જે તમ છે, જગત્ જે દૃષ્ટિથી દેખે." ૫
ભલે માનો કે હું, સમ અવર મૂર્ખો નહિ કદા,
તથાપિ જે હું છું, રહીશ મમ નીભાવિશ સદા,
થનારૂં જે થાતું, મમ હૃદય ના હો અટકવા
થયા છો શું યોગ્ય, અવર જનના ગૂરૂ બનવા ? ૬
તમે તમ પંથમાં મ્હાલો, વસો જ્યાં તર્ક જાયે ત્યાં
ભલા થઇ ના સતાવોને, અમારો રાહ ન્યારો છે. ૭
અમે જાશું જ્યાં લાગ્યું દિલ, ન કોઇ જાણશો તેને
જનારાને જવા દોને, જનારાની ગતિ ન્યારી. ૮
આડા આવી ઉભા રહો, બાંધો કોટ લોખંડી
ચલાવો તોપના મારા, અમે જાશું જતાં રહેશું. ૯
અમારા માર્ગમાં કાંટા ધરો, ઘા શસ્ત્રના મારો
જીગર જેનાથી વીંધાયું, અમે તેના પ્રતિ જાશું. ૧૦
ભરીશું ઇશ્કનો પ્યાલો, ભરાશે જ્યાંથી જ્યાંસુધી,
ભરાતાં જો મરણ થાશે, અમોને તેની ના પરવા. ૧૧
પ્રભુ વીરનું લઇને નામ, પ્રભુતા પ્રીતિમાં લેશું
ખુવારી જો થતી તેમાં, ખુવારીમાં ખુમારી છે. ૧૨

વિવેચન—જગત્‌વાસી જીવો લોકદૃષ્ટિએ જોઇ લૌકિકભાવથી અન્યનું નિરીક્ષણ કરે છે. દૈહિક ભાન, દૈહિક સ્વરૂપ જતું નથી. વિષય વસ્તુનો ઉપભોગ પંચેંદ્રિયદ્વારા કર્યે જાય છે; આવા જીવોની મનની દશા અધમ હોય છે. ઇંદ્રિયો દ્વાર છે અને તે દ્વારોમાં મનનો હંમેશાં સંચાર થાય છે, તેથી મનની પ્રવૃત્તિ એજ ઇંદ્રિયોની પ્રવૃત્તિ થાય છે. મનની શિથિલતા એજ ઇંદ્રિયની નિર્બલતા છે. આવા જગત્‌વાસી જીવો મનનો નિગ્રહ ન કરે, હૃદયના બળને ન પ્રમાણે તો તેમાં કંઇ નથી.તેઓ હૃદયને અભરાઇ પર મૂકે છે. હૃદયબળ કે જે આત્મબળમાં સમાયેલ છે તે મનોબળ પાસે ફાવી શકતું નથી. મનોબળ પોતાને મુસ્તાક માને છે, હૃદયબળની ગરજ લેતું નથી તેમ તેની બીલકુલ પરવા કરતું નથી. આમ થવાથી મનોબળ પણ પ્રશસ્ત કાર્યમાં પ્રવૃત્ત થતું નથી. કારણકે પ્રશસ્તમાં રહેલી મનોપ્રવૃત્તિમાં હૃદયપ્રવૃત્તિ સામાન્યરીતે સદા રહે છે.

આવી સ્થિતિ છતાં જગત્‌વાસી મનોબલ હૃદયને કહેવા નીકળે છે કે ' હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારી છું-મારૂં કાર્ય જગત્‌ની દષ્ટિએ વખાણવા લાયક છે; તું તદ્દન ભોળું છે અને અન્ધ સંસારીથી-સંસારના ભ્રમણવાળાથી છેતરાય છે-મૂર્ખનીસંજ્ઞા પામે છે, અને અંતે નાહકનું ખુવાર થાય છે. ' આવાં વિપરીત વચનો હૃદયબલ સાંભળે છે, અને પછી પોતાનું સામર્થ્ય પૂરજોસમાં પ્રકટાવી કહે છે કે ' ભલે તું મને દાબ, મારૂં ગણકાર નહિં, મને મૂર્ખ કરી તરછોડ છતાં હું તે હું સદાને માટે રહીશ— મારૂં હું નિભાવીશ, અને તેમ કરતાં તારા કહેવા પ્રમાણે કદી મારી ખુવારી થશે તોપણ મને તેની ફિકર નથી; તેમ કરવામાંજ મારી મસ્તી છે, ખુમારી છે, આનંદ છે. જેનામાં મારી આસક્તિ છે તે પ્રશસ્ત છે—કારણકે મારી આસક્તિનો વિષય પ્રશસ્ત છે ( હૃદયનો વિષય હમેશાં શુભ અધ્યવસાયી હોય છે, ) તેનાં ઉદાહરણ તરીકે વીરભક્તિ, ગુરૂપૂજા, દેશભક્તિ, ધર્મપ્રીતિ વિગેરે. આવા પ્રશસ્ત વિષયોમાં હું મારૂં ઝુકાવીશ-તેમાં ઝબકોળાઇશ-આનંદ લઈશ. માટે તું ખોટી રીતે મારો સ્નેહી બની-ગુરૂ બની મને અટકાવવા મ્હેરબાની કરી વૃથા પ્રયાસ કરીશ ના. આટલું કહેવા છતાં તું સમજીશ નહિ અને મારા પંથમાં અનેક વિઘ્ન નાંખીશ, તોપણ હું મારા પ્રશસ્ત વિષયમાંથી વિરામવાનો નથી. ઝુઝં જીવતુ તે એટલુંજ મારૂં તારા પ્રત્યે કહેવાનું છે. ”

આમ સંવાદ જગત્‌વાસી-મનપ્રાધાન્યવાળાની અને હૃદયાનુસારીની વચ્ચે છે.

# श्रीपाळ राजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ઠ ૮૪ થી. )

અજિતસેન રાજર્ષિ શ્રીપાળ રાજાએ પુછેલા પરભવ સંબંધી પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે હે શ્રીપાળ! પ્રાણી જે જે કર્મો કરે છે તે તે આગામી ભવે ભોગવવાં પડે છે. કરેલાં કર્મ નાશ પામતાં નથી. માટે તેના વિપાકથી ડરનારા જીવે કર્મો કરવાં નહીં. આ સંસારમાં જે જે સુખદુઃખ પ્રાપ્ત થાય છે તે બધાં કર્મવડેજ પ્રાપ્ત થાય છે. રાજા કે રંક, દરિદ્રી કે ચક્રવર્તી, સર્વને કર્મને આધીન થવું પડે છે. કર્મથી બળીયો કોઇ નથી. માટે પૂર્વકર્મને સમ્યગ્ ભાવે સહન કરવાં, ને નવાં કર્મ અશુભ બાંધવાં નહીં. હવે તમારો પૂર્વભવ કહું છું તે સાંભળો—

“આ ભરતક્ષેત્રમાં **હિરણ્યપુર** નામે નગર છે. ત્યાં **શ્રીકાંત** નામે મોટો રાજા છે. તેને **શ્રીમતી** નામની ગુણવતી, શીલવતી અને સમકિતવતી રાણી છે. ગુણોની રેખા સમાન છે. જૈન ધર્મને વિષે રક્ત છે. કોઇ પ્રકારની અશુભ વૃત્તિવાળી નથી. રાજાને આહેડાનું વ્યસન લાગેલું છે. રાણી તેને વારંવાર શિખામણ આપે છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"હે પ્રાણપતિ! આપને આહેડો કરવા જવું ઘટતું નથી, કેમકે તેને પરિણામે નરકનાં દુઃખ પ્રાપ્ત થવાનો ભય છે. તમારા એ કૃત્યથી ધરણી (પૃથ્વી) ને પરણી (સ્ત્રી) બંને લાજે છે, માટે તમે આ જીવહિંસા કરવારૂપ અનીતિને તજી દો. મોઢામાં તૃણ લે તો શત્રુને પણ ક્ષત્રી છોડી દે છે, તો આ બિચારા નિરપરાધી પ્રાણી નિરંતર તૃણનો આહાર કરનારા છે તેને ઉત્તમ ક્ષત્રી હોય તે કેમ મારે? જે ગમાર હોય તેજ મારે. વળી જેની પાસે આયુધ ન હોય તેને ક્ષત્રી મારતા નથી. તો સસલા વિગેરે પશુઓ બિચારા આયુધ વિનાના છે તેને રાણીજાયો હોય તે તો મારેજ નહીં; દાસીજાયો હોય તેજ મારે. તેમજ જે શત્રુ નાસે તેને ખરા ક્ષત્રી કદી પણ મારતા નથી, તો આ બીચારા પશુઓ તમને જોતાંજ નાસવા માંડે છે, તેની પાછળ પડીને તેને મારવા તે ક્ષત્રીનો ધર્મજ નથી. કેટલાએક પાપશાસ્ત્રના ઉપદેશકો એમ કહે છે કે "પોતાના રાજ્યની હદમાં આવેલ વૃક્ષો, ઘાસ અને જળ વિગેરે તમામ રાજાની માલેકીનાં છે. તેને રાજાની આજ્ઞા વિના ખાનારા, પીનારા, પીડા ઉપજાવનારા ઇત્યાદિ અપરાધવાળા પશુ પક્ષી મત્સ્યાદિકને મારવાથી રાજાને દોષ લાગતો નથી." આ કહેવું તદ્દન વિપરીત છે, અને હિંસક કુળનું પોષણ કરનાર છે. પરંતુ સત્શાસ્ત્રોમાં તો સર્વ જગ્યાએ હિંસાની ખિંસા (નિંદા)જ સાંભળી છે. હિંસા કોઈ પ્રકારે સારી છેજ નહીં. જે પોતાને સંતાપ કરે અને પરને પણ સંતાપ ઉપજાવે તે પાપી છે, અને એવો આહેડી કુળમાં કેતુ સમાન—કુળનો નાશ કરનાર છે. જે દુર્બળને હણે છે તેનું પરાક્રમ રસાતળમાં જાઓ. તે પરાક્રમ કાંઈ કામનું નથી, ઉલટું હાનિ કરનારૂં છે. કારણ કે તે કૃષ્ણ લેશ્યાના તીવ્ર પરિણામ રૂપ છે. એવી દુષ્ટ કરણીથી આ જગત્માં અપજશનીજ પ્રાપ્તિ થાય છે. કેમકે કોયલો ખાવાથી તો મુખ કાળુંજ થાય—ઉજળું ન થાય. "

આ પ્રમાણે બહુ બહુ રીતે રાણીએ રાજાને અસર ઉપજાવે તેવાં વચનો કહ્યાં, પરંતુ તેના ચિત્તમાં કિંચિત્ પણ પ્રતિબોધ લાગ્યો નહીં. જેમ પુષ્કરાવર્તનો મેઘ વરસે તોપણ મગસેલીઓ ભીંજાતો નથી, તેમ મૂર્ખને હિતોપદેશ અસર કરતો નથી; ઉલટો ક્રોધ ઉપજાવે છે.

અન્યદા સાતસે ઉલ્લંઠ પુરૂષોને લઇને રાજા મૃગયા રમવા ગયો. ત્યાં તેણે કોઇ ગહન વનમાં એક મુનિને દીઠા, એટલે રાજા બોલ્યો કે 'જુઓ! આ કોઇ કોઢીઓ દેખાય છે!' એટલે પેલા ઉલ્લંઠો તેને પ્રહાર કરવા લાગ્યા. તેઓ જેમ જેમ તાડના કરે તેમ તેમ રાજાના મનમાં હાસ્યરસનું પોષણ થવા લાગ્યું અને મુનિના મનમાં શાંતરસનું પોષણ થવા લાગ્યું. એ પ્રમાણે મુનિને ઉપસર્ગ કરીને તેઓ પાછા વળી પોતપોતાને સ્થાનકે ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકદા રાજા મૃગયા રમવા એકલો ગયો, તે કોઈ મૃગની પાછળ દોડ્યો. મૃગ નદી કિનારે આવેલા વનમાં પેસી ગયો. રાજા ભૂલો પડ્યો, ત્યાં ભમતાં ભમતાં નદીના કિનારાપર કોઇ મુનિને કાઉસગ ધ્યાને રહેલા દીઠા. એટલે તેનો કાન ઝાલીને રાજાએ નદીમાં બોળ્યા—પાણીમાં ડુબાડી દીધા. વળી કાંઇક કરૂણા આવી એટલે પાછા નદીમાંથી બહાર કાઢ્યા. ઘેર આવીને તે વાત રાણીને કહી. રાણીએ કહ્યું કે—"બીજાને દુઃખ દેવાથી પણ ઘણા ભવ પર્યંત તેવું દુઃખ સહન કરવું પડે છે, તો આ મુનિના ઘાતથી–તેને દુઃખ દેવાથી તો અનંતા જન્મમાં દુઃખ સહેવું પડશે." રાજાએ કહ્યું કે 'હવે ફરીને એવું નહીં કરૂં.'

એક દિવસ રાજા ગોખમાં બેઠો હતો તેવામાં તેણે કોઇ મુનિને ગોચરીનિમિત્તે ફરતા જોયા, એટલે રાણીએ આપેલી શિખામણ ભૂલી જઇને બોલ્યો કે 'અરે! આ ભીખારીએ બધી નગરી વટલાવી, માટે તેને નગરની બહાર કાઢી મુકો.' રાજાની આજ્ઞા થતાંજ ઉદ્ધંઠ પુરૂષો મુનિને ગળાવતે પકડીને બહાર કાઢવા લાગ્યા. રાણીએ પોતાના ગોખમાંથી બેઠા બેઠા તે જોયું, એટલે તેમને રાજાના આદેશથી તેમ કરતા જાણી એકદમ રાજા પાસે આવી, અને રૂષ્ટમાન થઇને કહ્યું કે "તમે પોતાનું બોલેલું વચન પણ પાળતા નથી? પ્રથમ તમે બોલ્યા હતા કે હવે પછી એવું નહીં કરૂં તે ભૂલી ગયા! પણ આવા મુનિરાજને ઉપસર્ગ કરવાથી સ્વર્ગે જવું તો દુર્લભ છે પણ નરકે જવું સુલભ થાય છે. મને લાગે છે કે તમને નરકે જવાનું મનજ થયું છે." આવાં રાણીનાં વચનોથી રાજા શાંત થઇ ગયો, અને મુનિરાજને ઘરે બોલાવી તેને નમસ્કાર કરી અપરાધ ખમાવ્યો. રાણીએ મુનિને કહ્યું કે 'હે મુનિરાજ! રાજા તદ્દન અજ્ઞાન છે,તેણે મુનિને ઉપસર્ગ કરવાથી મહા મોટું પાપ બાંધ્યું છે,માટે તેનાથી છુટવાનો ઉપાય બતાવો.' મુનિ બોલ્યા કે " મહોટા પાપનું વાલણ એકાએક તો બનવું મુશ્કેલ છે, તોપણ જો એના ભાવનો ઉલ્લાસ થાય તો નવપદનો જાપ જપે, તેના આરાધનનિમિત્તે આંબેલનો તપ કરે અને સિદ્ધચક્રનું આરાધન પૂજનાદિ કરે તો કાળે કરીને તેનું પાપ નાશ પામશે." રાજાએ તે વાત કબુલ કરી, અને તેનો પૂજાવિધિ વિગેરે જાણી લઇને રાણીની સાથે સિદ્ધચક્રની આરાધના કરવા માંડી. પ્રાંતે તેનું ઉજમણું કર્યું તે વખતે રાણીની આઠ સખીઓએ અને પેલા સાતસો સેવકોએ તેની અનુમોદના કરી. રાજારાણીને તેઓ ધન્ય–કૃતપુણ્ય માનવા લાગ્યા.

અન્યદા **શ્રીકાંત** રાજા પેલા સાતસો સેવકો સહિત સિંહરાજાના ગામમાં ધાડ પાડવા ગયો. ત્યાં લુંટ કરી ગાયોનો વર્ગ લઈને પાછા વળતાં સિંહ રાજા પાછળ પડ્યો. તેણે સાતસે સુભટોને હણ્યા. તેઓ મરણ પામીને ક્ષત્રીના કુળમાં ઉત્પન્ન થયા; પરંતુ મુનિને ઉપસર્ગ કરવાના પાપથી કોઢીયા થયા. શ્રીકાંત રાજા મરણ પામીને પૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભાવથી તું શ્રીપાળ થયો, અને તારી રાણી હતી તે મયણાસુંદરી થઇ. પૂર્વ ભવમાં કરેલી મુનિરાજની આશાતનાના પાપથી આ ભવમાં કુષ્ટિપણું, સમુદ્રમાં પડવાપણું અને ડુંબપણાનું કલંક પ્રાપ્ત થયું; તેમજ શ્રીમતી રાણીના વચનથી સિદ્ધચક્રની આરાધના કરી હતી તેના પુણ્યથી આ સઘળી ઋદ્ધિ પામ્યો. આઠ સખીઓએ તમારા ધર્મારાધનની અનુમોદના કરી હતી તેથી તે તારી આઠ લઘુરાણીઓ થઇ. તે આઠમાંહેની છેલ્લીએ પોતાની શોકયને 'તને સાપ ડસો' એમ કહ્યું હતું તે પાપથી આ ભવમાં તેને સર્પડંશ થયો. પેલા સાતસે સુભટોએ તારા ધર્મની પ્રશંસા કરી હતી તેથી તે સાતસે આ ભવમાં રાણા થયા. સાતસે સુભટોનો ઘાત કરનાર સિંહ રાજા તે પાપથી ખેદ પામ્યો તેથી તેણે પોતાની મેળે વ્રત અંગીકાર કર્યા ( ચારિત્ર લીધું ). પ્રાંતે એક માસનું અણસણ કરીને મરણ પામ્યો. તે હું અજિતસેન થયો. પૂર્વ ભવમાં તેં મારા રાજ્યનો પરાભવ કર્યો હતો તેથી આ ભવમાં મેં તારૂં રાજ્ય બાલપણામાં લઇ લીધું;અને પૂર્વે સાતસે સુભટોને મેં હણ્યા હતા તે વૈરથી તેણે મને બાંધીને તારી આગળ ધર્યો. પૂર્વભવના અભ્યાસથી મને તે વખતે જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું, તેથી મેં મારો પૂર્વભવ સંભારીને તરતજ ચારિત્ર ગ્રહણ કર્યું. અનુક્રમે મને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી હું તને ઉપદેશ કરવા અહીં આવ્યો. આ પ્રમાણે હે શ્રીપાળ ! જેણે જેવાં જેવાં કર્મ પૂર્વે કર્યા હતાં તેને તેવાં તેવાં આ ભવમાં ઉદય આવ્યાં. તેથી એમ ચોક્કસ સમજજે કે પ્રાણીને કરેલાં કર્મ ભોગવ્યા વિના છુટકો થતો નથી; માટે બનતાં સુધી કર્મબંધન ન થાય તેમ કરવું. "

આ પ્રમાણે પોતાના પૂર્વભવનો વૃત્તાંત સાંભળીને, શ્રીપાળ રાજાના મનમાં ઘણો વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે વિચારવા લાગ્યો કે અહો ! આ ભવનાટકમાં મેં પણ અનેક પ્રકારનાં નાટકો કરી આત્માને વિડંબ્યો, પરંતુ હવે જે રીતે ભવનાટક ટળે તેમ કરૂં. પછી ગુરૂમહારાજ પ્રત્યે કહ્યું કે "હે મહારાજ ! હમણા ચારિત્ર ગ્રહણ કરવાની શક્તિ વર્તતી નથી તેથી મને યોગ્ય ધર્મની પ્રતિપત્તિ બતાવો." ત્યારે મુનિએ કહ્યું કે "હે શ્રીપાળ ! તને ભોગફળ કર્મ ઘણું છે તેથી આ ભવમાં તને ચારિત્ર ઉદય આવવાનું નથી; પણ નવપદની આરાધના કરવાથી તું નવમા દેવલોકમાં દેવતા થઇશ. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી દેવ તથા મનુષ્યભવના અનુક્રમવડે નવમે ભવે મોક્ષસુખને પામીશ."

આ પ્રમાણેનાં મુનિરાજનાં અમૃતસમાન વચનો સાંભળી શ્રીપાળરાજા ઘણો પ્રસન્ન થયો, તેના રોમાંચ વિકસ્વર થયા અને તે ગુરૂને વાંદીને સ્વસ્થાને ગયો. મુનિએ પણ અન્યત્ર વિહાર કર્યો.

હવે શ્રીપાળ રાજા પોતાના પરિવાર સહિત ઉત્તમ મુહૂર્તે સિદ્ધચક્રની આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાધના કરવાનું અંગીકાર કરીને તેમની આરાધના કરવા લાગ્યા. તે વખતે મયણાસુંદરીએ કહ્યું કે "હે સ્વામી! પૂર્વે આપણે સિદ્ધચક્રની આરાધના કરી ત્યારે આપણી પાસે દ્રવ્ય થોડું હતું, પરંતુ અત્યારે તો અગણિત દ્રવ્ય છે, માટે મોટા વિસ્તારથી નવપદની ભક્તિ કરો. કારણકે 'વિશેષ ધન છતાં જે અલ્પ દ્રવ્યથી ધર્મકરણી કરે તે તેનું પુરૂં ફળ ન પામે' એમ શાસ્ત્રમાં કહ્યું છે. અત્યારે દ્રવ્યનો લાવો લેવાનો વખત છે; કારણકે તમે બીજા રાજાઓ રૂપી દેવમાં શક્ર સમાન છો."

આ પ્રમાણેનાં મયણાસુંદરીનાં વચનો શ્રવણ કરીને શ્રીપાળ રાજાએ વિશેષ પ્રકારે નવપદની ભક્તિ કરી. તેમાં દરેક પદની કેવી રીતે આરાધના કરી તે હવે પછીના પ્રકરણમાં જણાવવામાં આવશે. ઉત્તમ જીવોને તે અનુકરણીય થઈ પડશે. અહીં પૂર્વભવના સ્વરૂપ સંબંધી પ્રકરણ સમાપ્ત થાય છે. હવે તેની કાંઈક સમાલોચના કરીએ કે જેથી તે વાચકજનોને રસ થઈને પરિણમે.

પ્રારંભમાં પૂર્વભવ કહેવાના પીઠબંધમાં મુનિ મહારાજા કર્મની અનિવાર્ય શક્તિનું વર્ણન કરે છે. કર્મને વશે આ જીવ અનેક પ્રકારનાં, કલ્પનામાં પણ ન આવે તેવાં સુખદુઃખને પામે છે. આ ભવની કરણી સારી છતાં પણ પૂર્વના પાપોદયથી તેનો વિપાક અનુભવતાં લોકોને વિપર્યય ભાવ દેખી ચમત્કાર થાય છે. ધર્મીને દુઃખી અથવા પાપીને સુખી દેખી અજ્ઞાની જીવ મોહ પામી જાય છે, અને ધર્મ અધર્મના સારા માઠા પરિણામ સંબંધી શંકા આણે છે. પરંતુ તેજ ધર્મ અધર્મના સારા માઠા પરિણામનો પ્રબળ પુરાવો છે. કારણ કે અહીં ધર્મિષ્ટપણું છતાં પણ પાછળના પાપની પ્રબળતાથીજ દુઃખનાં કારણો અનુભવવાં પડે છે. કર્મ કરે તે કોઇ કરતું નથી. વિધિ, વિધાતા, દૈવ, પરમેશ્વર વિગેરે કર્મનાજ પર્યાયી નામ છે. જગત કર્મને વિવિધ નામોથી સંબોધે છે, પરંતુ તેનો તાત્પર્ય એકજ છે. એક કવિ કહે છે કે—

> अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते ।
> विधिरेव तानि विदधति, यः पुमान्नैव चिंतयति ॥

"જે હકીકત કોઇ રીતે ઘટી શકે તેવી ન હોય તેને વિધિ–દૈવ–કર્મ ઘટાવે છે, અને સારી રીતે ઘટે તેવી હોય તેને અસંભવિત કરી બતાવે છે, અથવા તો સારી રીતે ઘડેલી–તૈયાર થયેલી વસ્તુને જર્જરિત કરી નાંખે છે, અને બરાબર નહીં ઘડેલીને સ્થિર કરે છે.વિધિ એવું એવું કરે છે કે જે પુરૂષ ચિંતવી પણ શકતો નથી."

મુનિએ પૂર્વભવ કહેવા માંડ્યો તેમાં પ્રથમ અધિકારમાંજ આહેડાના વ્યસનવાળા શ્રીકાંત રાજાને તેની રાણી બહુ અસરકારક ઉપદેશ આપે છે. ઉત્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિવ્રતા સ્ત્રીનો એ ધર્મજ છે કે તેણે પોતાના પતિનું સર્વ પ્રકારે હિત કરવું, અકાર્યથી પાછા વાળવા, સત્કાર્યમાં જોડવા અને નિરંતર તેના શ્રેય સંબંધી વિચારોજ કર્યા કરવા. અજ્ઞાન સ્ત્રી પોતાની ફરજ સમજતી ન હોવાથી આમાંનું કાંઇ પણ કરી શકતી નથી; તેથી તેને પોતાની ફરજ સમજતી કરવા માટે પ્રથમ વ્યવહારિક જ્ઞાન આપી સત્શાસ્ત્રોનો અભ્યાસ કરાવવો જોઇએ. જેઓ સ્ત્રીજાતિ તરફ ઉપેક્ષાભાવ ધરાવેછે--રાખે છે તેઓ તેનું, પોતાનું અને પોતાની સંતતિનું સર્વનું અહિત કરે છે. પાંડવચરિત્રમાં શાંતનુ રાજાને પણ તેની રાણી ગંગાએ આ પ્રમાણેનોજ ઉપદેશ આપ્યો હતો; અને જ્યારે તેણે તેનો અસ્વીકાર કર્યો ત્યારે તે રીસાઇને પોતાને પિયર ચાલી ગઇ હતી. પૂર્વની સુજ્ઞ સ્ત્રીઓ ઘરેણાં લુગડાંમાટે રીસાતી નહોતી; પણ અકાર્યમાંથી પાછા ઓસરવાનું પતિને કહેતાં જો તે ન માનતો તો રીસાઇ જતી હતી. આ વાત આધુનિક સ્ત્રીઓએ ખાસ ધ્યાનમાં રાખવાની છે.

રાણીના ઉપદેશ પછી રાજાના વ્યસનનું બળ જોવામાં આવેછે. પોતાને અત્યંત પ્રિય એવી રાણીનાં અસરકારક વચનો કરતાં પણ વ્યસનનું જોર વધી પડે છે. તેનાં વચનોનો અનાદર કરીને પણ રાજા આહેડો કરવા જાય છે, અને ત્યાં વળી મુનિનું અપમાન--આશાતનાદિ કરે છે. મૂર્ખને ઉપદેશ કરવાથી લાભને બદલે ઉલટી હાનિ થાય છે તે અહીં જોવામાં આવે છે. એક કવિએ કહ્યું છે કે--

" મૂરખને જ્ઞાન કદિ નવ થાય, કહેતાં પોતાનું [1] પણ જાય; મૂરખને० "

વળી નીતિશાસ્ત્રકાર પણ કહે છે કે--

उपदेशो हि मूर्खाणां, प्रकोपाय न शांतये ।
पयःपानं भुजंगानां, केवलं विषवर्धकं ॥

"મૂર્ખને ઉપદેશ દેવો તે પ્રકોપને અર્થે થાય છે, શાંતિને અર્થે થતો નથી. જુઓ, સર્પને દુધનું પાન કરાવવું તે કેવળ વિષની વૃદ્ધિ માટેજ થાય છે."

એવા મૂર્ખાનંદીઓ તો જ્યારે કષ્ટ પામે છે ત્યારેજ ઠેકાણે આવે છે. શ્રીકાંત રાજા બીજી વાર પણ મુનિની આશાતના કરે છે. તેમને નદીમાં ઝબોળે છે; પરંતુ સરળ હૃદયવાળો હોવાથી પોતાની રાણી પાસે તે વાત કરે છે. રાણી ઠપકો આપે છે, એટલે ફરી તેમ ન કરવાનું કબુલ કરે છે; પરંતુ અદ્રઢ મનવાળો--ટેક વિનાનો હોવાથી ત્રીજી વાર પણ મુનિની અવહિલના કરે છે. રાણી તે વખતે પણ તેનું નિવારણ કરે છે. મુનિરાજને ઘરમાં બોલાવે છે, અને રાજાના પાપનું નિવારણ કેમ થાય તે વિષે પુછે છે. મુનિ તો એકાંત કરૂણાના સમુદ્ર છે; તે તો

[1] મહત્વ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનો અપકાર કરનારનો પણ ઉપકાર કરનારા છે. ઉત્તમ પુરૂષની એ રીતિજ છે. જુઓ, આંબો પથ્થર મારનારને પણ મિષ્ટ ફળ આપે છે, અને ચંદન તેના કાપનારને પણ સુવાસ આપે છે. આ ચરિત્રજ તેનું સાક્ષીરૂપ છે.

મુનિ નવપદનું આરાધન કરવા રૂપ આભવ પરભવમાં હિતકારી અમૃત તુલ્ય ઉપાય બતાવે છે. રાજા તેનો સ્વીકાર કરે છે, અને રાણી સહિત તેનું આરાધન કરે છે. તપની પ્રાંતે ઉજમણું કરે છે. કારણકે ઉદ્યાપન ( ઉજમણું ) કરવાથી તપનું ફળ વૃદ્ધિ પામે છે. " ઉજમણાથી તપ ફળ વાધે " તથા " ઉજમણું તપ કેરૂં કરતાં, શાસન સોહ ચડાયા હો " ઇત્યાદિ અનેક વચનો તેની પુષ્ટિમાં દૃષ્ટિએ પડે છે. આ વખતે રાણીની આઠ સખીઓ ને સાતસે ઉલ્લંઠો તેની અનુમોદના કરે છે. શુદ્ધ હૃદયની અનુમોદના પણ તેને મહા લાભકારી થાય છે.

હવે પૂર્વભવની હકીકત સંપૂર્ણ થાય છે, એટલે પ્રસ્તુત ભવમાં તેનું ફળ કેવું પ્રાપ્ત થાય છે, તે તરફ દૃષ્ટિ કરવા યોગ્ય છે. પૂર્વભવમાં નવપદના આરાધનવડે મુનિરાજશ્રીએ આશાતનાથી બાંધેલું પાપ ઘણું ખરૂં ક્ષય પમાડયું હતું; છતાં અવશેષ રહેલા પાપથી આ ભવમાં કોઢીપણું પ્રાપ્ત થાય છે, સમુદ્રમાં પડવું પડે છે, અને ડુંબપણાનું કલંક આવે છે. કર્મ બાંધતી વખતે જરા જેટલું લાગે છે, પરંતુ તેના વિપાક કેવા કડવા ભોગવવા પડે છે, તે પર ધ્યાન આપવા યોગ્ય છે. શાસ્ત્રકાર કહે છે કે—

**હોય વિપાકે દશગણો, એકવાર કર્યાં કર્મ;**
**શત સહસ કોટી ગમે, તીવ્ર ભાવના મર્મ.**

અઢારપાપસ્થાનક સઝાય.

આઠમી રાણીએ પૂર્વભવમાં માત્ર વચનવડેજ પોતાની શોકયને **સર્પ ડસો** એમ કહ્યું હતું. તેના પરિણામે પ્રસ્તુત ભવમાં તે સર્પવડે ડસાય છે, અને મહાપુરૂષ શ્રીપાળનો સમાગમ પ્રાપ્ત થવાથીજ તેનો બચાવ થાય છે. આ હકીકતપર ધ્યાન આપી કોઇને ક્રૂર શબ્દ કહેતાં પણ વિચાર કરવા યોગ્ય છે. કારણકે કર્મ બાંધતી વખત જો વિચાર ન કરીએ તો પછી ઉદય વખત તો કાંઇ ચાલીજ શકતું નથી. કહ્યું છે કે **" બંધ સમય ચેત્યો નહીં, ઉદયે કીશ્યું પસ્તાય; "** કુપથ્ય કરતાં વિચાર ન કરીએ તો પછી જ્વર આવે, પેટમાં દુખાવો થાય અથવા કોઈ અન્ય વ્યાધિ ઉત્પન્ન થાય તો તે વખત પસ્તાવો કર્યે શું કામ લાગે છે ? નથી લાગતો.

હવે છેલ્લી હકીકત પર આવીએ. પ્રસ્તુત ભવમાં નવપદનું આરાધન [illegible] ને પ્રસંગે મયણાસુંદરી કહે છે કે " સ્વામી ! આ ભવમાં ઋદ્ધિ અનર્ગળ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, માટે વિશેષ પ્રકારે આરાધના કરવી. કારણકે છતી શક્તિ ગોપવીને જે ધર્મારાધન કરે છે તે ફળપ્રાપ્તિમાં પણ ન્યૂનતા પામે છે. શ્રી પંચકલ્યાણકની પૂજામાં કહ્યું છે કે–

ભગતિ કરણ ભગવંતનીરે, શકિત છતે કરે ન્યૂન;
પુણ્યાનુબંધી પુણ્યનાં, તે પામે ફળમાં ઊન.

આ હકીકત ખાસ ધ્યાનમાં રાખવાની છે. પુત્રાદિકના વિવાહાદિ પ્રસંગે તો 'આપણાથી ઓછું ન કરાય, આપણે અમ પણી આબરૂ તરફ જોવું જોઈએ.' ઈત્યાદિ વિચારો કરે છે, અને શક્તિ ઉપરાંત ખર્ચ કરી કેટલાક દેવાદાર પણ થાય છે. પરંતુ ધર્મકાર્ય આવે છે ત્યારે મોટા શ્રીમાનો પણ હાથ સંકોચે છે. "આગળ પાછળ વિચાર કરવો જોઈએ, આપણે કાંઈ આ એકજ કામ નથી" ઈત્યાદિ અનેક વિચારો પ્રાપ્ત થએલ બળ વીર્ય, પરાક્રમ, દ્રવ્યસંપત્તિ વિગેરેને ગોપવવા માટે કરે છે; અને બળવીર્યાદિ ગોપવેછે, સંપૂર્ણપણે ફોરવતા નથી. ઉત્તમ જીવોએ એમ ન કરવું જોઈએ. તેમણે તો સંસારી કાર્ય માથે આવી પડેલી વેઠરૂપ સમજવાં જોઈએ, અને ધર્મકાર્ય પ્રાપ્ત થાય ત્યાં પોતાની શક્તિનું બરાબર તોલ કરી તેને કિંચિત્ પણ ન ઓળવતાં સંપૂર્ણપણે તેને ફોરવવી જોઈએ.

હવે શ્રીપાળરાજા નવે પદનું પૃથક્ પૃથક્ આરાધન કેવી રીતે કરે છે તે આવતા પ્રકરણમાં કહેવાશે, તે ધ્યાનમાં લઈ ઉત્તમ જીવોએ યથાશક્તિ તેનું અનુકરણ કરવા તત્પર થવું. આટલું કહી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે; અને નવું પ્રકરણ વાંચવામાં આવે ત્યાંસુધી નવપદનુંજ ધ્યાન કરવાની ભલામણ કરવામાં આવે છે.

શ્રી ઉપદેશમાળાના પ્રણેતા શ્રીમાન્ ધર્મદાસગણિ શ્રીમહાવીર દેવના હસ્તદીક્ષિત શિષ્ય હતા?

# एक ऐतिहासिक प्रश्न.

(પ્ર૦—મનઃસુખ વિ૦ કીરતચંદ મહેતા–મોરબી.)

અનુસંધાન પૃષ્ઠ ૨૮૧ થી

આ ઉપસંહાર લખાયા પછી શ્રી *સાત્ત્સતીસૂત્ર તથા *યતિલક્ષણસમુચ્ચય જોવામાં આવ્યાં તેમાં શ્રી ઉપદેશમાળાની ૩૨૩ મી ગાથા અક્ષરશઃ જોઈ તે ગાથાઃ—

ઉપદેશમાળામાં અન્ય ગ્રંથની ગાથા કે અન્ય ગ્રંથમાં ઉપદેશમાળાની ગાથા?

" जह जह बहुस्सुअ सम्मअ अ सीसगणपरिवुडो अ ।
अविणिच्छिअ अ समए तह तह सिद्धंतपडिणीअ ॥"

*શ્રી ભાવનગર જૈ. ધ. પ્ર. સ. તરફથી છપાયેલ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત ગ્રંથમાળા તથા યશોવિજય વાચકકૃત ગ્રંથમાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) આ ગાથા ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી ઉપદેશમાળામાં ૩૨૩ મી છે.
(૨) શ્રી સમ્મતીસૂત્ર (શ્રી સિદ્ધસેનસૂરિકૃત) માં ત્રીજા કાંડમાં ૬૬ મી છે.
(૩) શ્રી યતિલક્ષણ સમુચ્ચય (શ્રી યશોવિજયગણિકૃત) માં ૭૨ મી છે.

આ ખાસ જણાવવાનો હેતુ એ છે કે એ ગાથા એ ત્રણે ગ્રંથમાં મૂળ ગ્રંથમાં છે. શાખરૂપે કે આધારરૂપે અથવા ઉછીની લીધેલી રૂપે છે, એમ સ્પષ્ટ નથી. એટલે સ્વાભાવિક પ્રશ્ન ઉઠશે કે પ્રથમ શું? ઉપદેશમાળા કે સમ્મતીતર્ક કે યતિલક્ષણ સમુચ્ચય? અત્યાર સુધી આપણું ધ્યાન શ્રી ઉપદેશમાળામાંના ઐતિહાસિક સૂચવનમાં રોકાયું હતું; હવે અચાનક એ ઉપદેશમાળાની ગ્રંથાંતરમાં મળી આવતી ગાથાપર ખેંચાયું છે. શ્રી યતિલક્ષણ સમુચ્ચયમાં પ્રસ્તુત ગાથા મૂળમાંજ છે,

શ્રી યશોવિજયજી અને ઉપદેશમાળા.

તથાપિ તે શ્રી ઉપદેશમાળામાંથી અક્ષરશઃ લીધેલી છે એ નિર્વિવાદ છે; કેમકે શ્રીમાન્ યશોવિજયજીએ શ્રી ધર્મદાસગણિ તેમજ તેની ઉપદેશમાળાની શાખ ઘણે ઠેકાણે આપી છે.

" પામી બોધ ન પાળે મૂરખ, માંગે બોધ વિચાલે;
લહિયે તે કહો કોણ મૂલે,બોલ્યું ઉપદેશમાળેરે....... "

(સાડા ત્રણસો ગાથાનું સ્તવન ઢાળ ૧. પદ ૨૩ મું).

" જે નિરગુણ ગુણરત્નાકરને, આપ સરિખા દાખેરે;
સમકિત સાર રહિત તે જાણો, ધર્મદાસગણિ ભાખેરે........ "

(એજન. ઢાળ. ૨. પદ ૧૦ મું.)

તેમજ આ સ્તવનમાં ઠેકાણે ઠેકાણે શ્રી યશોવિજયજીએ ઉપદેશમાળામાંની કેટલીક ગાથાઓ સમશ્લોકી ગુજરાતી રૂપે ઉતારી છે. પ્રસ્તુત ગાથા પણ આ પ્રમાણે ઉતારી છે:—

" જિમ જિમ બહુશ્રુત બહુ જનસંમત, બહુ શિષ્યે પરવરિયો,
તિમ તિમ જિનશાસનનો વયરી, જો નવિ નિશ્ચય દરિયો—"

( ઢાળ પહેલી. પદ ૧૪ મું. )

આ ઉપરથી ભલે શ્રી યતિલક્ષણ સમુચ્ચય મૂળમાં આ ગાથા છે, અને એ શ્રી ઉપદેશમાળા અથવા અન્ય ગ્રંથ ઉપરથી લીધી છે એમ સ્પષ્ટ નથી કહ્યું, તો પણ સિદ્ધ થાય એમ છે કે એ ગાથા શ્રી ઉપદેશમાળા કે અન્ય ગ્રંથની છે.

સમ્મતીસૂત્ર પહેલું કે ઉપદેશમાળા?

હવે પ્રશ્ન શ્રી સમ્મતીસૂત્ર મૂળ તથા ઉપદેશમાળાનો રહે છે, પ્રથમ કોની રચના થઇ. શ્રી સમ્મતીસૂત્રની કે ઉપદેશમાળાની ? શ્રી ઉપદેશમાળામાંના ઐતિહાસિક દૃષ્ટાંતોની પર્યાલોચના કરતાં આપણે સ્વાભાવિક એવા અનુમાન ઉપર આવીએ એમ છે કે શ્રી વજ્રસ્વમીનાવારા પછી, શ્રી વીરાત્ છઠ્ઠા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૈકા પછી શ્રી ધર્મદાસગણિ થયા અને ઉપદેશમાળા લખાઈ, અને શ્રી સમ્મતી-સૂત્રના પ્રણેતા શ્રી સિદ્ધસેનદિવાકર વિક્રમના વખતમાં વીરાત્ પાંચમા સૈકામાં હતા એવી આપણી માનિનતા છે, આમ જોતાં શ્રી સમ્મતીસૂત્રની રચના પ્રથમ થઇ, અને તેમાંની પ્રકૃત ગાથા શ્રી ઉપદેશમાળા, જે શ્રી ધર્મદાસગણિએ ત્યાર પછી રચી તેમાં નાંખી, એવા અનુમાન ઉપર આપણે આવશું.

શ્રી ધર્મદાસગણિ શ્રી વીરના વારામાં હતા કે પછી થયા ? એ પ્રશ્ન આપણુ-ને તેઓના ઉપદેશમાળામાંના ઐતિહાસિક દૃષ્ટાંતોને લઈ ઉઠયો છે, તેજ પ્રશ્નને શ્રી સિદ્ધસેનદિવાકરના શ્રી સમ્મતીસૂત્રમાંની પ્રસ્તુત ગાથા જે શ્રી ઉપદેશમાળા-માં આવે છે તેથી પુષ્ટિ મળે છે.

સમ્મતિસૂત્રકાર ક્યારે થયા ?

પણ પાછો એક બીજો પ્રશ્ન ઉદ્ભવે છે કે શ્રી સમ્મતીસૂત્રના ગુંથનાર શ્રી સિદ્ધસેનસૂરિ શ્રી વિક્રમના વારામાં થયેલા એજ સિદ્ધસેનસૂ-રિ કે બીજા? આ પ્રશ્ન કાંઇ કુતુહલ કે કુતર્કરૂપે જન્મ પામતો નથી; એ પણ અમુક આધારને લઇને ઉઠે છે. આપણી માનિન-તા, ખ્યાલ તો એ છે કે શ્રી વીરાત્ પાંચમા સૈકામાં થયેલા શ્રી વિક્રમના વારામાં વિદ્યમાન તેના પ્રતિબોધક શ્રી સિદ્ધસેનદિવાકરે સમ્મતીસૂત્ર રચ્યું છે, પણ શ્રીમાન્ યશોવિજયજીના *જ્ઞાનબિંદુમાં આવેલી વિગત જોતાં આપણને આ ખ્યાલ સંબંધી પણ પ્રશ્ન ઉઠે એમ છે. શ્રીજ્ઞાનબિંદુના છેવટના ભાગમાં કેવળીને જ્ઞા-નદર્શનોપયોગ યુગપત્ હોય કે ક્રમે કરી હોય? એ અંગે શ્રી જિનભદ્રગણિ ક્ષમા-શ્રમણ તથા શ્રી સિદ્ધસેનદિવાકરના પરસ્પર ભિન્ન પડતા પણ સાપેક્ષમતનું નિરૂ-પણ કરતાં શ્રી યશોવિજયજી એવો ઈસારો કરે છે કે જાણે શ્રી સિદ્ધસેનદિવાકર શ્રી જિનભદ્રગણિ પછી થયા હોય. મુદ્રિત થયેલી શ્રી યશોવિજયજીકૃત *ગ્રંથ-માળામાં ( જ્ઞાનબિંદુમાં ) પૃ. ૧૫૪ પર આ વિગત આવેલી છે. એ પૃષ્ઠથી માંડી શ્રી જ્ઞાનબિંદુના પ્રાંત ભાગ સુધીમાં શ્રી સમ્મતીસૂત્રના બીજા જીવકાંડની ત્રીજી ગાથાથી માંડી ૩૩ મી ગાથા સુધી, એમ ૩૧ ગાથાનું મૂળ સાથે વિવરણ શ્રીમદ્ યશોવિજયજીએ આપ્યું છે. આ સમ્મતીસૂત્રના જીવકાંડની ચોથી ગાથા ( પૃ. ૧૫૫. લા. ૬ )

" केई भणंति जइया जाणइ तइया ण पासइ जिणोत्ति ॥
सुत्तमवलंबमाणा तित्थयरासायणाभीरू ॥ "

આનું વિવરણ કરતાં શ્રીમદ્ યશોવિજયજી પ્રકાશે છે કે–" केई केचिज्जिनभद्रानु-

* શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભાની યશોવિજયજીકૃત ગ્રંથમાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यायिनो जणंति"** ઇ૦ શ્રી **સિદ્ધસેનસૂરિ** તો મોઘમ **केई** (કોઇ કોઇ) એમ લખે છે; ત્યારે શ્રી **યશોવિજયજી** એને સ્પષ્ટ કરી **जिनजद्रानुयायिनः**(શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રવણના અનુયાયી ) એમ ઓળખાવે છે. હવે શ્રી **સિદ્ધસેનસૂરિ**ના મનમાં **"केई"** એ શબ્દ લખતાં**"केचिज्जिनजद्रानुयायिनो"** એવો અભિપ્રાય હોય તો તો તેઓશ્રી શ્રી જિનભદ્રગણિ પછી થયા એમ આવશે. શ્રી જિનભદ્રગણિ ( શ્રી વિશેષાવશ્યકના પ્રણેતા ) વિ. સં. છઠ્ઠા સૈકામાં થયા, એવું પટ્ટાવલિયો ઉપરથી તથા શ્રીમદ્ **આત્મારામજી**ના શ્રી જૈનતત્ત્વાદર્શ ઉપરથી જણાય છે. આમ જોતાં શ્રી **સમ્મતીસૂત્ર**નાગુંથનાર શ્રી **સિદ્ધસેનસૂરિ** તે વખત પછી થયા હોય એમ આવે; પણ આટલાથીજ શ્રી **સમ્મતીસૂત્ર**ના રચનાર શ્રી **સિદ્ધસેનસૂરિ** શ્રી વિક્રમના વારામાં તેના પહેલા સૈકામાં થયેલા શ્રી **સિદ્ધસેનસૂરિ** છે, એવી આપણી માનિનતા ડગે એમ નથી; કેમકે શ્રીમદ્ **યશોવિજયજી**એ **" યુગપત્ ઉપયોગવાદ "** અંગે શ્રી સિદ્ધસેન સૂરિનો મત અને સિદ્ધાંતિક ( શ્રી જિનભદ્રગણિનો ) મત એમ બે પરસ્પર જુદા પડતા પણ સાપેક્ષ મતનું નિરૂપણ કરતાં, શ્રી સિદ્ધસેનસૂરિના વખતની અપેક્ષા રાખ્યા વિના, **केचित्** એટલે સિદ્ધાંતિક શ્રી જિનભદ્રનાં અનુયાયિયો એમ ઓળખાવ્યા હોય. કેમકે સિદ્ધાંત તો શ્રી સિદ્ધસેનસૂરિના વારામાં પણ હતા. શ્રી જિનભદ્રગણિએ એની **વિશેષાવશ્યક** રૂપે સૂત્રમાં ગુંથણી કરી, અને એથી એ શ્રી જિનભદ્રગણિનો મત કહેવાયો; અને એમ **जिनजद्रानुयायिनः** એટલે **सैद्धांतिकानुयायिनः** અર્થ લેતાં શ્રી **સિદ્ધસેનસૂરિ** ( **સમ્મતીતર્ક**ના પ્રણેતા ) શ્રી જિનભદ્રગણિ પછી થયા હોવાનો આપણો પ્રશ્ન-વિકલ્પ ટળી જાય છે.

આમ જોતાં શ્રી ઉપદેશમાળાકારે શ્રી **સમ્મતીસૂત્રમાંની** પ્રસ્તુત ગાથા શ્રી ઉપદેશમાળામાં લીધી હોય એમ આવે છે; છતાં કદાચ વિશેષ પ્રબળ આધારે એમ માનવામાં આવે કે શ્રી **સિદ્ધસેનસૂરિ** ( **સમ્મતી સૂત્રકાર** ) શ્રી જિનભદ્રગણિ પછી થયા, તો શ્રી ઉપદેશમાળાકાર **ધર્મદાસગણિ** શ્રી **વજ્રસ્વામી** અને શ્રી **સમ્મતીસૂત્ર**કાર શ્રી સિદ્ધસેનના અંતરાળમાં થયા એવું આવશે.

વળી શ્રી **જ્ઞાનબિંદુ**માં પૃ. **૧૫૪** ઉપર શ્રીમદ્ **યશોવિજયજી** લખે છે કેઃ—

**"यत्तु युगपदुपयोगवादित्वं सिध्दसेनाचार्याणां नंदिवृत्तावुक्तं तदज्युपगमाजिमायेण"**

સિદ્ધસેનસૂરિએ નંદિવૃત્તિ લખી છે.

ઇ૦ અર્થાત્ (૧) શ્રી સિદ્ધસેનસૂરિની શ્રી **નન્દિસૂત્રવૃત્તિ**માં જે **યુગપત્ ઉપયોગવાદ**નું નિરૂપણ કર્યું છે તે અભ્યુપગમ અપેક્ષાને લઇને; અથવા (૨) શ્રી **નન્દિસૂત્રની વૃત્તિમાં** શ્રી **સિદ્ધસેન**સૂરિના યુગપત્ ઉપયોગવાદનું જે નિરૂપણ છે તે **અભ્યુપગમ** અભિપ્રાયને લઇને,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બીજો અર્થ લેતાં તો કાંઈ કહેવાનું નથી; પણ પ્રથમ અર્થ લેતાં જો શ્રી **સિદ્ધ**-સેનસૂરિએ શ્રી **નન્દિસૂત્ર**ની વૃત્તિ રચી હોય તો તેઓશ્રી અવશ્ય શ્રી **નન્દિસૂત્ર**,જે શ્રી **દેવર્દ્ધિગણિ** ક્ષમાશ્રમણે વિ. સં. છઠ્ઠા સૈકામાં ગુંથ્યું છે,તેના લખાયા પછી થયા હોવા જોઇએ. શ્રી **નન્દિસૂત્ર**ની વૃત્તિ શ્રી **સિદ્ધસેનસૂરિએ** રચી છે, એવું **જૈનગ્રંથાવલી**માં જોવામાં આવતું નથી; જો કે એ ગ્રંથાવળી ઘણી અપૂર્ણ છે, એટલે એમાં ન જોવામાં આવે માટે નથી એવો કાંઈ આધાર રાખી શકાય એમ નથી. શ્રી **સિદ્ધસેનસૂરિકૃત** શ્રી **નંદિસૂત્રવૃત્તિ** શ્રીમદ્ **યશોવિજયજી**ના જોવામાં આવેલ હોય, અને તેથી શ્રીમદ્દે ઉપર મુજબ લખ્યું હોય. આ વાત સાચી ઠરે, તો આ વૃત્તિકાર શ્રી **સિદ્ધસેનસૂરિએ** શ્રી **સમ્મતીસૂત્ર** ગુંથ્યું એમ માનવા આપણે લલચાશું.

આ ગમે તેમ હોય, પણ આ બધું અત્રે મુકવાનો હેતુ એ છે કે શ્રી ઉપદેશમાળાકાર શ્રી **ધર્મદાસજી**એ શ્રી **સંમતીસૂત્ર**પરથી ગાથા લીધી કે શ્રી **સમ્મતીસૂત્ર**કારે શ્રી ઉપદેશમાળા ઉપરથી લીધી,એનો વિદ્વાનોએ તોલ કરવો. શ્રી ઉપદેશમાળાકારના સમયના નિર્ણયમાં આ ગ્રંથાંતરની વિગત પણ ઉપયોગી થવા યોગ્ય છે.

આ અને આવા બીજા ઐતિહાસિક પ્રશ્નો ઉદ્દ્ભવ્યાથી એક લાભ થયો છે,

ચરિત્ર પ્રકરણોની ઉપયોગિતા વિશેષ શામાટે? ઉપદેશ માટે કે ઇતિહાસમાટે?

તે એ છે કે એમ તો ચોક્કસ જણાય છે કે *જૈનચરિત્ર પ્રકરણો ઉપદેશરૂપે સાવ સાચાં છે, પરમહિતકર–કલ્યાણકારી છે; પણ ઐતિહાસિક સત્ય માટે આધાર રાખી શકાય એવું બહુ ઓછું છે. ચરિત્રનાયકની અને એજ નામના બીજા પાત્રોની અથવા એવી લગતી બીજી એટલી બધી સેળભેળ બાબતો ચરિત્રમાં ગુંથેલી હોય છે કે ચરિત્રનાયકનાં ઇતિવૃત્ત, દેશકાળ આદિનું ઐતિહાસિક સત્ય ચાળી કાઢવું બહુ બહુ મુશ્કેલ, અશકયપ્રાય છે. એકજ નામની જુદી જુદી વ્યક્તિઓ હોવા છતાં તે પ્રત્યેકની અમુક બાબતો અમુક તરીવળતી સુપ્રસિદ્ધ વ્યક્તિને આરોપી દીધી હોય છે, અથવા એમ સ્પષ્ટ આરોપણ ન કર્યું હોય તોપણ એક વ્યક્તિનું ચરિત્ર, તેની કૃતિયો આદિ તેજ નામની બીજી બહુ પ્રસિદ્ધિમાં આવેલી વ્યક્તિને આરોપી દેવા જાણ્યે અજાણ્યે આપણે લલચાઇ જશું. દાખલા તરીકે શ્રી ઉમાસ્વાતિનું ચરિત્ર, તેની કૃતિયો એવું નામ સાંભળતાં–વાંચતાંજ પ્રથમ દર્શને શ્રી વિક્રમ પહેલાં થયેલા શ્રી **તત્ત્વાર્થાધિગમ** સૂત્રાદિના પ્રણેતાજ આપણી નજરમાં આવી જશે. શ્રી **સિદ્ધસેનસૂરિ**ની કૃતિયો એવું સાંભળતાં–વાંચતાંજ શ્રી **વિક્રમનૃપ**ના પ્રતિબોધક,શ્રી **વૃદ્ધવાદી**ના શિષ્ય, શ્રી **સિદ્ધસેન દિવાકર** આપણી દષ્ટિએ આવી જશે. શ્રી **હરિભદ્રસૂ**-

---

*અન્ય ચરિત્ર પ્રકરણોમાં પણ આમજ છે; વળી વિશેષ સેળભેળતા છે દાખલા તરીકે કથાસરિત્ સાગર આદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિનાં ચરિત્ર–કૃતિયો આદિ સાંભળતાં–વાંચતાં શ્રી **વીરાત્** દશમા સૈકામાં થયેલા **યાકિનીમહત્તરાસૂનુ** શ્રી **હરિભદ્રસૂરિ** આપણા મનમાં આવી જશે. આમ અનેક આચાર્યો થઇ ગયા છે; અને એવા એકજ નામના જુદા જુદા બે, ત્રણ, ચાર, પાંચ કે વધારે ઓછા આચાર્યો થયા હોવા છતાં તે બધાના પૃથક્ પૃથક્ ચરિત્રો—કૃતિયો આપણે પ્રથમ દર્શને તો એજ નામની અમુક તરીવળતી બહુ પ્રસિદ્ધિમાં આવેલી વ્યક્તિને આરોપી દઇએ છીએ, તેમ એ ચરિત્ર–કથાનકોના રચનારાએ પણ સ્વાભાવિક કર્યું લાગે છે. ચરિત્ર—પ્રકરણો સેળભેળ વિગતવાળાં હોવાનું આ એક કારણ લાગે છે. દાખલા તરીકે શ્રી **કાલિકાચાર્ય**નાં અનેક કથાનકો છે; એ નામના પાત્રો એક કરતાં વધારે થયાં છે એ નિર્વિવાદ છે. કાળક્રમ મુજબ પહેલા, બીજા, ત્રીજા **કાલિકાચાર્ય** એવી રીતે એને ઓળખાવવામાં આવે છે. હવે કોઇ ચરિત્રમાં પહેલા કાલિકાચાર્યને લગતી વિગતો બીજા ચરિત્રમાં બીજા કે ત્રીજા કાલિકાચાર્યને આરોપી હોય છે. શ્રી કલ્પસૂત્રની સ્થવીરાવલી તથા શ્રી ભરહેસર બાહુબલીવૃત્તિ તથા શ્રી ગૌતમકુલકવૃત્તિ આદિમાંના ચરિત્રો જેણે બારિકીથી અવલોકયા હશે, તેને શ્રી કાલિકાચાર્યને લગતી આ વાર્ત્તા સુપ્રતીત થશે; તેવીજ રીતે શ્રી ઉપમિતિભવપ્રપંચના કર્ત્તા શ્રી **સિદ્ધર્ષિસૂરિ**એ શામાટે ગૃહ છોડી સંયમ અંગીકાર કર્યો? એ બાબતની જે વાતો શ્રી ઉપદેશ પ્રાસાદમાં તથા **ચતુર્વિંશતિ** પ્રબંધ આદિમાં છે, તેજ વાત **અક્ષરશઃ** અને **અર્થશઃ** ફક્ત પાત્રાદિનાં નામના ફેરરૂપે જે **શિવભૂતિ**થી દિગંબરમતની ઉત્પત્તિ શ્વેતાંબરો માને છે, તેજ શિવભૂતિના ગૃહત્યાગના ચરિત્રરૂપે શ્રીમદ્ **યશોવિજયજી**ના **અધ્યાત્મમત પરીક્ષા** ( શ્રી યશોવિજયજીકૃત ગ્રંથમાળા છાપેલ પૃ૦ ૬૮–૬૯ ઉપર)માં આપણે જોઈએ છીએ. આ બધું જણાવવાનું તાત્પર્ય એ કે એ બધાં ચરિત્રો ઉપદેશરૂપે સાચાં છે; પણ ઐતિહાસિક સત્ય માટે આધાર રાખી શકાય એવું બહુ ઓછું છે.આ તો પરમ ઉપકારી એવા આચાર્યોનાં ચરિત્ર–કથાનકોની વાત થઈ,પણ બીજાં ચરિત્રો જેવાં કે (વિ.સં.પંદરમો સૈકો) શ્રી ધનપ્રભસૂરિશિષ્ય શ્રી **સર્વાનંદસૂરિ**કૃત **જગડુચરિત્ર** અને અઢારમા સૈકામાંના કોઈ સાધુએ કરેલ **જગડુપ્રબંધ** આ બંનેમાં ઐતિહાસિક કાળ તથા ચરિત્રની વિગતોમાં ફેર છે. પહેલામાં જગડુને ચૌદમા સૈકામાં થયેલા લખેલ છે; ત્યારે બીજામાં તેને એ સૈકા પહેલાં થયેલા લખેલ છે; તે શિવાય બીજાં ચરિત્ર અંગે પણ બહુ ફેર છે. વાત આમ છે, એટલે ઐતિહાસિક વિગત મેળવવા માટે બહુ આધાર ન રાખી શકાય, તથાપિ શ્રી **સિદ્ધસેનદિવાકરા**દિ અનેક પવિત્ર ઉપકારી આચાર્યો અનુપમ કલ્યાણકારી ગ્રંથો રચી ગયા છે, તેનાં ઇતિવૃત્ત, તેની કૃતિયો આદિ સુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાની ભક્તિરાગને લઇ આપણને ઇચ્છા થાય, પણ એ ઇચ્છા બર આવવામાં આપણે કેવળ નિરૂપાય છીએ.

એટલે આ બધી ચર્ચાના,આટલી લાંબી ઉહાપોહના પરિણામરૂપે સમયોચિત એક સામાન્ય નિયમરૂપે જણાવવું યોગ્ય લાગે છે કે એ પવિત્ર પૂર્વ પુરૂષોએ જે જે સદુપદેશ આપણા હિતાર્થે આપ્યા છે તે પ્રમાણે વર્તવામાંજ ખરી ભક્તિ દાખવી ગણાશે. એઓના કલ્યાણકારી ઇતિહાસ આપણને મળશે તો આપણને ખરેખર આનંદ થશે,પણ તેમ ન બને તો એ કલ્યાણરૂપ પૂર્વાચાર્યોની આજ્ઞાએ ચાલવામાં આપણું શ્રેય છે. ૐ શાંતિઃ

ખરો ભક્તિરાગ પરમ પુરૂષોની આજ્ઞા આરાધવામાં છે.

મોરબી.
બીજા શ્રાવણ શુકલ ૧ સોમ.
વિ. સં. ૧૯૬૫.

લી. ક્ષમાશ્રમણ ચરણસેવક
મનઃસુખ વિ. કીરતચંદ મેહતા.

# बे प्रकारना आयुष्य*.

वर्तमानभवायुष्कं, द्विविधं तच्च कीर्तितम् ।
सोपक्रमं भवेदाद्यं, द्वितीयं निरुपक्रमम् ॥ १ ॥

ભાવાર્થ—" વર્તમાન ભવનું આયુષ્ય બે પ્રકારનું કહેલું છે, તેમાં પહેલું સોપક્રમ અને બીજું નિરૂપક્રમ. "

ઘણા કાળ સુધી ભોગવવા લાયક આયુષ્ય પણ આગળ કહેવામાં આવશે એવા અધ્યવસાનાદિક ઉપક્રમોવડે થોડા કાળમાં ભોગવી લેવાય તે **સોપક્રમ** આયુ કહેવાય છે. જેમ લાંબી કરેલી દોરીને એક છેડે અગ્નિ સળગાવ્યો હોય તો તે દોરી અનુક્રમે લાંબી મુદતે બળી રહે છે, અને તેજ દોરીને એકઠી કરીને તેમાં અગ્નિ મુકયો હોય તો તે એકદમ જલદીથી બળી જાય છે; તેવીજ રીતે સોપક્રમ આયુષ્ય થોડા કાળમાં પુરૂં થઇ જાય છે, અને જે આયુષ્ય તેના બંધસમયે ગાઢ નિકાચિત બાંધ્યું હોય તે અનુક્રમેજ ભોગવાય છે. સેંકડો ઉપક્રમથી પણ તે ક્ષીણ થઇ શકતું નથી. તેવું આયુષ્ય **નિરૂપક્રમ** કહેવાય છે.

હવે ઉપક્રમ કહે છે—પોતાનાજ મનમાં ઉત્પન્ન થયેલા અધ્યવસાયાદિકથી અને બીજાએ ઉત્પન્ન કરેલા વિષ તથા શસ્ત્રાદિકથી જે પોતાના જીવિતનો અંત આવે તે સર્વે ઉપક્રમ કહેવાય છે. પૂર્વ સુરિઓએ તે ઉપક્રમના અધ્યવસાય વિગેરે સાત ભેદો કહેલા છે, તે આ પ્રમાણે—

* ઉપદેશ પ્રાસાદ વ્યાખ્યાન ૭૪૨ મું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अज्झवसाण निमित्ते, आहारे वेयणा पराघाए।**
**फासे आणापाणू, सत्तविहं झिज्झए आउ ॥ १ ॥**

**ભાવાર્થ**—" અધ્યવસાન, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ અને શ્વાસોશ્વાસ એ સાત પ્રકારે આયુષ્યનો ક્ષય થાય છે."

**વિવેચન**—અધ્યવસાનના ત્રણ પ્રકાર છે—રાગ, ભય અને સ્નેહ. તેમાં રાગનો અધ્યવસાન પણ મરણનો હેતુ થાય છે. જેમ કોઇ એક અતિ રૂપવાન યુવાન મુસાફર અરણ્યમાં તૃષાતુર થવાથી પ્રપા (પાણીના પરબ)ને સ્થાને ગયો. ત્યાં પાણી પાનારી સ્ત્રીએ જળ લાવીને તેને પાયું. પછી તે મુસાફર પેલી સ્ત્રીએ ના કહ્યા છતાં પણ ત્યાંથી ચાલતો થયો. તે સ્ત્રી તેની સામુંજ જોઇ રહી, અને જ્યારે તે મુસાફર અદૃશ્ય થયો, ત્યારે તે સ્ત્રી તેની ઉપરના ઉત્કટ રાગના અધ્યવસાયથી તરતજ મૃત્યુ પામી.

ભયના અધ્યવસાયથી કૃષ્ણ વાસુદેવને જોઈને **સોમિલ** બ્રાહ્મણ હૃદયસ્ફોટ થવા વડે મરી ગયો. તેમજ **મૃગાવતીનો** સ્વામી **શતાનિક** રાજા ચંડપ્રદ્યોત રાજાને સૈન્ય સહિત આવતો સાંભળીને તેના ભયથી મરણ પામ્યો.

સ્નેહના અધ્યવસાયથી મરણ પામેલાનું દૃષ્ટાંત એ છે કે "તુરંગપુરમાં **નરવર** નામે રાજા હતો. તેને **ભાનુ** નામે મંત્રી હતો. તે મંત્રીને **સરસ્વતી** નામની પત્ની હતી. તે દંપતીને પરસ્પર અત્યંત સ્નેહ હતો, તે વાત રાજાના સાંભળવામાં આવવાથી તેની પરીક્ષા કરવાનો રાજાને વિચાર થયો. એકદા રાજા મંત્રી સહિત મૃગયા રમવા માટે વનમાં ગયો, ત્યાં કોઇ પ્રાણીનું રૂધિર મંત્રીના વસ્ત્ર તથા અશ્વપર લગાડીને રાજાએ તે અશ્વ ગામમાં તેને ઘેર મોકલી દીધો. પોતાના પ્રિય સ્વામી વિના તેનાં વસ્ત્ર તથા અશ્વને રૂધિરવાળાં જોઈને "હાય! હાય! મૃગયા રમવા ગયેલા મારા પતિને કોઇ સિંહાદિકે મારી નાંખ્યા" એમ ધારીને સરસ્વતી જાણે વજાથી હણાઈ હોય તેમ ભૂમિ પર પડીને તત્કાળ મરણ પામી. તે વાત જાણીને રાજાને અત્યંત ખેદ થયો. પછી તે ભાનુ મંત્રી પ્રિયાવિયોગના દુઃખથી યોગી થઇને ગંગાકિનારે ગયો. તે સરસ્વતી મૃત્યુ પામીને ગંગા નદીને કિનારે આવેલા મહારથપુરના રાજાની પુત્રી થઇ. ભાનુ મંત્રી બાર વર્ષ વ્યતીત થયા પછી ભિક્ષાને માટે અટન કરતો રાજમંદિરે ગયો. ત્યાં તે કન્યા તેને જોઇને ભિક્ષા લઈ તેને આપવા આવી, પણ તે મંત્રીના દર્શનથી જાણે ચિત્રમાં આળેખેલી હોય તેમ સ્તબ્ધ થઈ ગઈ. તેના હાથમાં રહેલું અન્ન કાગડા લઇ ગયા, પણ તે યોગીને આપી શકી નહીં. યોગી તો કાંઈક જોઇ વિચારીને અન્યત્ર ચાલ્યો ગયો. પછી તે કન્યાએ પોતાની બે [illegible]એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે સંકેત કર્યો કે " આ ભવમાં તો એ યોગીજ મારા પતિ છે, બીજા કોઇને હું ઇચ્છતી નથી. " તે વૃત્તાંત રાજાના જાણવામાં આવવાથી તેણે સર્વ યોગીઓને એકઠા કર્યા, તેમાંથી તે કન્યાએ તે મંત્રીયોગીને ઓળખી કાઢયો. પછી તે કન્યાને જાતિસ્મરણ થવાથી તેણે પોતાના પૂર્વ ભવની વાત કહી બતાવી. તે સાંભળીને રાજાના કહેવાથી યોગીએ તે કન્યાનો સ્વીકાર કર્યો; તે વખતે અવસરને જાણનાર પંડિતો બોલ્યા કે--

मानुश्च मंत्री दयिता सरस्वती, मृत्युं गता सा नृपकैतवेन ।
गंगागतस्तां पुनरेव लेभे, जीवन्नरो भद्रशतानि पश्यति ॥ १ ॥

ભાવાર્થ–" ભાનુ મંત્રીને સરસ્વતી નામે સ્ત્રી હતી. ને રાજાના કપટથી મૃત્યુ પામી હતી. તે સ્ત્રીને ગંગા કિનારે ગયેલો મંત્રી ફરીથી પણ પામ્યો. માટે જીવતો માણુસ સેંકડો કલ્યાણો જુએ છે. "

આ દૃષ્ટાંત સ્ત્રીને આશ્રીને કહ્યું. હવે પુરૂષને આશ્રીને બીજું દૃષ્ટાંત આ પ્રમાણે છે—કોઇ વણિકને રૂપવતી યુવતી હતી.તે બન્નેને પરસ્પર ગાઢ સ્નેહ હતો. એકદા વેપારને માટે પરદેશ જવાની ઇચ્છાથી તેણે સ્ત્રીની રજા માગી. તે સાંભળીનેજ તે સ્ત્રી મૂર્છા પામી. તેને શીત ઉપચારવડે સજ્જ કરી, ત્યારે તેણે પતિને કહ્યું કે " જો તમારે અવશ્ય પરદેશ જવુંજ હોય તો તમારી એક પ્રતિમા કરીને મને આપો, જેથી તેને આધારે હું દિવસો નિર્ગમન કરૂં. " તે સાંભળીને તે શ્રેષ્ઠી પોતાની મૂર્તિ કરીને પ્રિયાને આપી દેશાંતર ગયો. તે સ્ત્રી તે પ્રતિમાનું નિરંતર દેવથી પણ અધિક આરાધન કરવા લાગી. એકદા તે ગામમાં ચોતરફ અગ્નિનો ઉપદ્રવ થયો, તે વખતે તે સ્ત્રી પોતાના પતિની પ્રતિમા હાથમાં રાખીને સ્થિર બેસી રહી. પોતાનું શરીર બળીને ભસ્મ થઇ ગયું, તોપણ તેણે હાથમાંથી પ્રતિમા મૂકી નહીં. કેટલાએક દિવસો પછી તે વણિક પરદેશથી ઘેર આવ્યો. તે વખતે પોતાની પ્રિયાને જોઇ નહીં, એટલે તેણે તેની સખીને પૂછયું કે—

नवसतशशिसमवदनि, हरहाराहारवाहना नयणि ।
जलसुतरिपुगतिगमणि, सा सुंदरि कत्थ हे सयणि* ॥

" હે સખી ! સોળ કળાયુક્ત ચંદ્રના જેવા મુખવાળી, મૃગ સરખાં નેત્રવાળી અને હંસ જેવી ગતિવાળી મારી મનહર પ્રિયા કયાં છે ? " સખીએ જ-

* નવ ને સાત સોળ કળાયુક્ત ચંદ્ર. હર એટલે શિવ, તેના હાર સર્પ, તેનો આહાર પવન, તેનું વાહન હરણ. અને જળ એટલે સમુદ્ર, તેના પુત્ર મોતી, તેનો રિપુ–તેનો આહાર કરનાર હંસ. આ પ્રમાણે અર્થ સમજવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાબ આપ્યો કે "હે સખીના નાથ ! સાંભળો, આ નગરમાં ચોતરફથી અગ્નિ લાગ્યો હતો, તે વખતે ભયને લીધે તમારી મૂર્તિને ઝાલીને તે બેસી રહી હતી, તેમાં તેનું શરીર બળીને ભસ્મ થઇ ગયું, એટલે તેના પ્રાણ છુટયા; પણ તમારી મૂર્તિને વળગેલા પાણિ એટલે હાથ છુટ્યા નહીં." આ પ્રમાણે સખીની વાણી સાંભળતાંજ તે વણિકના પ્રાણ ચાલ્યા ગયા.

અહીં કોઇને શંકા થાય કે રાગ અને સ્નેહમાં શો તફાવત છે ? તો તેનો જવાબ એ છે કે રૂપાદિક જોવાથી જે પ્રીતિ ઉત્પન્ન થાય તે રાગ; અને સામાન્ય રીતે સ્ત્રીપુત્રાદિક ઉપર જે પ્રીતિ થાય તે સ્નેહ કહેવાય છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારના અધ્યવસાયથી આયુષ્યનો ક્ષય થાય છે (૧). બીજું નિમિત્તથી એટલે દંડ, શસ્ત્ર, રજ્જુ, અગ્નિ, જળમાં પતન, મૂત્ર પૂરીષનો રોધ અને વિષનું ભક્ષણ વિગેરે કારણોથી પણ આયુષ્યનો ક્ષય થાય છે (૨). આહારથી એટલે ઘણું ખાવાથી, થોડું ખાવાથી અથવા બિલકુલ આહાર નહીં મળવાથી આયુષ્યનો ક્ષય થાય છે. સંપ્રતિ રાજાના પૂર્વ ભવનો જીવ દ્રુમક કે જે સાધુ થયો હતો તે દીક્ષાનેજ દિવસે અતિ આહારથી મૃત્યુ પામ્યો હતો (૩). વેદનાથી એટલે શૂળ વિગેરેથી તથા નેત્રાદિકના વ્યાધિથી આયુષ્યનો ક્ષય થાય છે (૪). પરાઘાતથી એટલે ભીંત, ભેખડ વિગેરે પડવાથી અથવા વીજળી વિગેરેના પડવાથી આયુષ્યનો ક્ષય થાય છે (૫). સ્પર્શથી એટલે ત્વક્ વિષાદિના સમુદ્ભવથી તથા સર્પ વિગેરેના સ્પર્શથી (ડંશથી) આયુષ્યનો ક્ષય થાય છે. બ્રહ્મદત્ત ચક્રીના મૃત્યુ પછી તેના પુત્રે ચક્રીના સ્ત્રીરત્નને કહ્યું કે "મારી સાથે ભોગવિલાસ કર." ત્યારે સ્ત્રીરત્ને કહ્યું કે "હે વત્સ ! મારો સ્પર્શ તું સહન કરી પણ શકીશ નહીં." તે વાત તેણે સાચી માની નહીં. ત્યારે તે સ્ત્રીરત્ને એક અશ્વને તેના પૃષ્ઠથી કટી સુધી સ્પર્શ કર્યો, એટલે તરતજ તે અશ્વ સર્વ વીર્યના ક્ષયથી તત્કાળ મૃત્યુ પામ્યો. એજ પ્રમાણે એક લોઢાના પુરૂષને સ્પર્શ કર્યો તો તે પણ લય પામી ગયો (ગળી ગયો) (૬). શ્વાસોશ્વાસથી એટલે દમ વિગેરેના વ્યાધિને લીધે ઘણા શ્વાસોશ્વાસ લેવાથી અથવા શ્વાસ રૂંધાવાથી આયુષ્યનો ક્ષય થાય છે (૭). આ સાત પ્રકારના ઉપક્રમ સોપક્રમી આયુષ્યવાળાને હોયછે.

ત્રેસઠ શલાકા પુરૂષ વિગેરે ઉત્તમ પુરૂષો, ચરમ દેહધારી[૧], અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા (જુગલીયા) મનુષ્ય અને તિર્યંચો, દેવતાઓ તથા નારકી જીવો નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે. તે સિવાય બીજા સર્વ જીવો સોપક્રમ અને

૧ તેજ ભવમાં મોક્ષે જવા વાળા હોવાથી છેલ્લુંજ શરીર ધરવા વાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરૂપક્રમ એવા બન્ને પ્રકારના આયુષ્યવાળા હોય છે. અહીં કોઇને શંકા થાય કે "સ્કન્દકાચાર્યના પાંચસો શિષ્યો તથા અર્ણિકાપુત્ર આચાર્ય, ઝાંઝરિયા મુનિ વિગેરે મુનિઓ ચરમશરીરી હોવાથી નિરૂપક્રમ આયુષ્યવાળા હોવા જોઇએ, છતાં તેઓ ઉપક્રમથી કેમ મૃત્યુ પામ્યા ?" તેનો ઉત્તર એ છે કે "તે મુનિઓને જે જે ઉપક્રમો થયા તે માત્ર તેમને કષ્ટને અર્થે સમજવા; આયુષ્યના ક્ષયમાં કારણભૂત સમજવા નહીં. તેમનું આયુષ્ય તો પૂર્ણજ થયું હતું, માટે તેમને નિરૂપક્રમ આયુષ્યવાળા જ જાણવા."

સોપક્રમ આયુષ્યવાળા જીવો પોતાના આયુષ્યને ત્રીજે ભાગે, નવમે ભાગે કે સતાવીશમે ભાગે અથવા છેવટ મરણ વખતે છેલ્લા અંતર્મુહૂર્તે આવતા ભવનું આયુષ્ય બાંધે છે. અહીં કોઇ આચાર્યો સત્તાવીશમા ભાગથી ઉપર પણ આવતા ભવના આયુષ્યના બંધની કલ્પના કરે છે, તેમજ ત્રણ ત્રણ ભાગની કલ્પના પણ છેલ્લા અંતર્મુહૂર્ત સુધી કરે છે.

નિરૂપક્રમ આયુષ્યવાળા જીવોને માટે આયુષ્યના બંધનો કાળ એવો છે કે દેવતાઓ, નારકીઓ તથા અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યો (યુગલીકો) પોતાનું આયુષ્ય છ માસ બાકી રહે ત્યારે આગામી ભવનું આયુષ્ય બાંધે છે. તે સિવાયના બીજા નિરૂપક્રમ આયુષ્યવાળા (ચરમશરીરી શિવાયના ચક્રવર્તી, બળદેવાદિક શલાકા પુરૂષો) જીવો પોતાના આયુષ્યને ત્રીજે ભાગે અવશ્ય આગામી ભવનું આયુષ્ય બાંધે છે.

અહીં સોપક્રમ આયુષ્યના વિષય પર કોઇ શિષ્ય પ્રશ્ન કરે છે કે "જો કોઈ પણ કર્મ તેનો કાળ પ્રાપ્ત થયા વિના ભોગવાય, તો [1]કૃતનાશ અને [2]અકૃતાગમ એ બંને દુષણો પ્રાપ્ત થશે. કેમકે પૂર્વે ઘણી સ્થિતિવાળું કર્મ (આયુષ્યકર્મ) બાંધ્યું હતું તે તેટલી મુદત સુધી ભોગવાયું નહીં; માટે કૃતનાશ નામનો દોષ આવ્યો; તથા આત્માએ અલ્પ સ્થિતિવાળું કર્મ (આયુષ્યકર્મ) બાંધ્યું નહોતું તે ભોગવ્યું, માટે અકૃતાગમ નામનો દોષ પ્રાપ્ત થયો." આ પ્રશ્નનો ગુરૂ જવાબ આપે છે કે "હે શિષ્ય ! મોટી સ્થિતિવાળા કર્મનો કાંઇ ઉપક્રમે કરીને નાશ થતો નથી, પરંતુ અધ્યવસાય વિશેષથી તે કર્મ ઉતાવળે થોડી મુદતમાં ભોગવી લેવાય છે. અહીં યુક્તિથી એમ સમજવાનું છે કે સોપક્રમ આયુષ્યવાળા જીવો જેમ ઘણા કાળ સુધી ભોગવવા લાયક આયુષ્યકર્મને એકઠું કરીને થોડા કાળમાં ભોગવી લેછે, એવીજ રીતે સ્થિતિ, રસ, પ્રદેશ વિગેરેના ખંડનને પ્રાપ્ત થએલાં અનિકાચિત એવાં સર્વ કર્મોને ઉપક્રમ લાગે છે. કેમકે પ્રાયે સારાં માઠાં અ-

૧ કરેલાનો નાશ. ૨ નહિ કરેલાની પ્રાપ્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિકાચિત એવાં સર્વ કર્મોની શુભાશુભ પરિણામાદિના વશથી અપવર્તના થાય છે, તથા નિકાચિત કર્મોની પણ તીવ્ર તપવડે સ્ફુરણાયમાન થતા શુભ પરિણામના વશથી અપવર્તના થાયછે.તે વિષે પૂજ્યપાદ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે કે—

सव्वपगइणमेवं, परिणामवसादुवक्कमो होज्जा ॥
पायमनिकाइयाणं,तवसाओ निकाइयाणं पि ॥ १ ॥

**ભાવાર્થ**—" પ્રાયે કરીને અનિકાચિત એવી સર્વ કર્મપ્રકૃતિને એજ પ્રમાણે પરિણામના વશથી ઉપક્રમ થાય છે, અને નિકાચિત પ્રકૃતિને પણ ઉગ્ર તપથી ઉપક્રમ લાગે છે. "

જેમ ઘણા કાળ સુધી ચાલે તેટલું ઘણું ધાન્ય પણ કોઇ માણસ ભસ્મક વાતના વ્યાધિથી થોડા કાળમાંજ ખાઇ જાય છે, એટલે તે ધાન્યની વર્તમાન સ્થિતિનો નાશ થઇ ગયો એમ ધારવું નહીં; પરંતુ વ્યાધિના બળથી ઘણું ધાન્ય થોડા કાળમાં ખવાઇ ગયું, તેવીજ રીતે લાંબી મુદત સુધી ભોગવવા લાયક કર્મ થોડી મુદતમાં ભોગવી લીધું એમ જાણવું; અથવા જેમ આમ્રફળ વિગેરેને ખાડામાં નાંખી ઉપર ઘાસ વિગેરે ઢાંકી રાખીએ તો તે ફલ થોડી મુદતમાં પાકી જાયછે, તેવી રીતે તેવાં અનિકાચિત કર્મ પણ થોડી મુદતમાં ભોગવાઇ જાય છે."

વળી શિષ્ય પ્રશ્ન કરે છે કે " અપવર્તના કરવાથી થોડા કાળમાં અથવા અપવર્તના ન કરે તો જેટલી સ્થિતિવાળું હોય તેટલા ચિરકાળે પણ જે કર્મ બાંધ્યું હોય તે સર્વ જો આપના કહેવા પ્રમાણે અવશ્ય ભોગવવુંજ પડતું હોય તો પ્રસન્નચંદ્ર વિગેરેએ સાતમી નરકને યોગ્ય કર્મ બાંધ્યું હતું, તેને તેવા પ્રકારના દુઃખવિપાકનો ભોગ તો સાંભળવામાં આવતો નથી. તે તો શુભ ભાવથી થોડા કાળમાંજ કેવળજ્ઞાન પામ્યા છે, તો 'સર્વ કર્મ વેદવુંજ પડે છે' એમ જે આપે કહ્યું તે વ્યર્થ થશે."

આ પ્રશ્નનું ગુરૂ મહારાજ સમાધાન આપે છે કે "જે કર્મ બાંધેલું છે તો કર્મ પ્રદેશથી તો સર્વ જીવો અવશ્ય ભોગવેછેજ. પણ રસના અનુભાવથી તો કોઇક કર્મ ભોગવાય છે, અને કોઇક કર્મ નથી પણ ભોગવાતું. તેનું કારણ એ છે કે શુભ પરિણામના વશથી તે કર્મના રસની અપવર્તના (ક્ષય) થાય છે. તેથી પ્રસન્નચંદ્રાદિકે સાતમી નરક યોગ્ય કર્મોના પ્રદેશો નીરસ (રસ વિનાના) ભોગવ્યા છે; પણ વિપાકઉદયથી ભોગવ્યા નથી."

વળી શિષ્ય કહે છે કે "જ્યારે પ્રસન્નચંદ્રાદિકે જે કર્મ રસવાળું બાંધ્યું હતું તે કર્મને નીરસપણે ભોગવ્યું, ત્યારે તો પૂર્વનીજ જેમ કૃતનાશ અને અકૃતાગમ નામના બન્ને દોષો પ્રાપ્ત થયા."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ તેનો ખુલાસો આપે છે કે—" તથાપ્રકારના ઉત્તમ પરિણામથી જો કર્મનો રસ ક્ષય પામે તો તેમાં શું અનિષ્ટ થયું ? જેમ સૂર્યના ઉગ્ર તાપથી ઇક્ષુના સાંઠામાં રહેલો રસ સૂકાઇ જાય, તો તેમાં કૃતનો નાશ ને અકૃતનો આગમ શું થયો ? હે બુદ્ધિમાન ! તે તું કહે. વળી જો કદાચ જે કર્મ જેવી રીતે બાંધ્યું તે કર્મ તેવીજ રીતે અવશ્ય ભોગવવું પડતું હોય, તો પાપનો ક્ષય નહીં થતો હોવાથી સર્વ તપનો વિધિ વ્યર્થ થશે, તેમજ તેજ ભવમાં સિદ્ધિ પામનારા જીવોને પણ કર્મ અવશેષ રહેશે, એટલે કોઇની પણ મુક્તિ થશે નહીં. માટે કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું કર્મ પણ પ્રદેશે કરીને નીરસપણે ભોગવાય છે, એમ માનવું. વળી હે શિષ્ય ! અસંખ્ય ભવમાં બાંધેલું ભિન્ન ભિન્ન ગતિને આપનારૂં કર્મ તે ભવે પણ સત્તામાં હોય છે. તેથી જો સર્વ કર્મનો વિપાકવડેજ અનુભવ લેવો પડતો હોય, તો તે એક ભવમાં ભિન્ન ભિન્ન ભવના અનુભવનો સંભવ થવો જોઇએ, પરંતુ તેમ થતું નથી. વળી ઔષધથી સાધ્ય રોગનો જેમ નાશ થાય છે તેમ જે કર્મ બાંધતી વખતે તેવા પ્રકારના પરિણામવડે બાંધ્યું હોય તે કર્મ ઉપક્રમથી સાધ્ય થાય છે; અને અસાધ્ય રોગ જેમ ઔષધથી જતો નથી તેમ તેવા પ્રકારના અધ્યવસાય (પરિણામ)-થી જે કર્મ બાંધ્યું હોય તે યોગ્ય કાળે વિપાકવડે ભોગવવાથીજ નાશ પામે છે. કેમકે કર્મબંધના અધ્યવસાય સ્થાનકો વિચિત્ર છે, અને અસંખ્ય લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. તે સ્થાનકોમાં કેટલાંએક સોપક્રમ કર્મને ઉત્પન્ન કરનારાં છે, અને કેટલાંએક નિરૂપક્રમ્ કર્મના બંધને ઉત્પન્ન કરનારાં છે. તેથી જેવા અધ્યવસાયથી જે કર્મ બાંધ્યું હોય તે કર્મ તેવી રીતે ભોગવવું પડે છે. આ પ્રમાણે હોવાથી તેં કહેલા દોષનો અહિં જરા પણ અવકાશ નથી. વળી જેમ ઘણા શિષ્યો એકજ શાસ્ત્ર સાથેજ ભણતા હોય તેમાં બુદ્ધિની તરતમતાથી ભેદ પડે છે; તથા જેમ અમુક યોજન લાંબા માર્ગમાં ઘણા માણસો એક સાથે ચાલ્યા હોય છતાં તેમની ગતિની તરતમતાથી જવાને સ્થાને પહોંચવાના કાળમાં ભેદ દેખાય છે ( કોઇ વહેલા પહોંચે છે, કોઇ વિલંબે પહોંચે છે ), તેવીજ રીતે એક સરખી સ્થિતિવાળું કર્મ ઘણા જીવોએ બાંધ્યું હોય, તેમાં પણ પરિણામના ભેદથી તેનો ભોગકાળ ભિન્ન ભિન્ન થાય છે. લોકપ્રકાશમાં કહ્યું છે કે—

पिंडीभूतः पटः क्लिन्नश्चिरकालेन शुष्यति ।
प्रसारितः स एवाशु, तथा कर्माण्युपक्रमैः ॥ १ ॥

ભાવાર્થ—" જેમ ભીનું વસ્ત્ર પિંડ રૂપ કરીને મુકયું હોય તો તે લાંબી મુદતે સૂકાય છે, અને તેજ વસ્ત્ર લાંબું કર્યું હોય, તો જલદી સૂકાઇ જાય છે, તેવીજ રીતે કર્મ પણ ઉપક્રમોથી જલદી ક્ષય પામે છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સર્વ હકીકત ઉપરથી સમજવાનું એ છે કે જે ભવમાં પ્રથમ કહેલા સાત ઉપક્રમો નિરંતર આયુષ્યક્ષયના હેતુ રૂપ ઉપસ્થિત છે, અને તેથી તે આયુષ્યનો વિશ્વાસ નથી કે તે કયારે પૂરૂં થશે ? માટે કામાદિકનો ત્યાગ કરીને એક ધર્મજ સારભૂત છે, એમ સમજી તેનું અવલંબન ગ્રહણ કરવું, એ આ વ્યાખ્યાનનું ગૂઢ રહસ્ય છે. ગ્રંથકાર કહે છે કે–

यस्मिन्नायुषि सुस्नेहं, प्रत्यहं धार्यते नरः ।
प्रतिक्षणं क्षयं तस्य, मत्वा मा मुंच सन्मतिम् ॥ १ ॥

ભાવાર્થ—" મનુષ્ય જે આયુષ્યના ઉપર નિરંતર સ્નેહ રાખે છે તે આયુષ્ય પ્રતિક્ષણે ક્ષય પામે છે, એમ જાણીને હે ભવ્ય પ્રાણી ! તું સારી મતિને છોડીશ નહીં. "

આ સંબંધમાં પૂર્વાચાર્યે પણ કહ્યું છે કે–

क्षणयामदिवसमासच्छलेन, गच्छन्ति जीवितदलानि ।
इति विद्वानपि कथमिह, गच्छसि निद्रावशं रात्रौ ॥ १ ॥

ભાવાર્થ—" ક્ષણ, પ્રહર, દિવસ અને માસના મિષથી આયુષ્યનાં દળિયાં (ભાગો) ચાલ્યાંજ જાય છે, એમ જાણતા છતાં વિદ્વાન પણ રાત્રિએ નિદ્રાને વશ કેમ થાય છે ? "

બ્રહ્મદત્ત ચક્રીને આયુષ્યની ચંચળતાનો પ્રતિબોધ કરવા માટે મુનિએ કહ્યું હતું કે–

इह जीविए राय असासयंमि, घणियं तु पुण्णाइ अकुव्वमाणो ।
से सोअइ मच्चुमुहोवणीए, धम्मं अकाऊण परंमि लोए॥ १ ॥

ભાવાર્થ—" હે રાજા ! આ જીવિત અશાશ્વત છે. તેમાં એક ઘડી પણ જેણે પુણ્યાદિક કાર્ય કર્યું નથી તે મૃત્યુના મુખને પામીને ધર્મ નહીં કરવાથી પરલોકમાં જઇ શોક કરે છે. "

આ પ્રમાણે શાસ્ત્રનાં વચનોથી આયુષ્ય ક્ષણભંગુર છે એમ જાણીને ભવ્ય પ્રાણીઓએ ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરવી.

" શાસ્ત્રકારોએ આયુષ્ય ક્ષીણ થવાના સાત ઉપક્રમો કહેલા છે, તે પ્રમાણે આજે પણ જોવામાં આવે છે. તેથી વીજળી, ધ્વજા અને શરદ ઋતુના વાદળા જેવું ચંચળ આયુષ્ય જાણીને ઉત્તમ જીવોએ નિરંતર સન્મતિ ધારણ કરવી. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञानसार सूत्र स्पष्टीकरण.

## *शमाष्टक ( ६ ).

**જૈનતત્વજ્ઞાન** [ Jain philosophy ]

અનુસંધાન પૃષ્ટ ૨૬૯થી.

**ध्यानवृष्टेर्दयानद्याः, शमपूरे प्रसर्पति ।**
**विकारतीरवृक्षाणां, मूलादुन्मूलनं भवेत् ॥**

**ભાવાર્થ**—ધ્યાનવૃષ્ટિથી પ્રભવેલી દયારૂપી નદીનું શમરૂપી પાણીનું પૂર ચઢયે સતે કાંઠે ઉગેલાં વિકાર રૂપી વૃક્ષો મૂલથી ઘસડાઇ જાય છે.

**વિવેચન**--કોઇ પણ વિષયમાં મનનું એકાગ્રપણું થવું તે ધ્યાન કહેવાય છે. શુભાશુભ અધ્યવસાયયોગે તેમાં થયેલા પરિણામ મુજબ તે ધ્યાન શુભાશુભ અથવા શુદ્ધાશુદ્ધ કહેવાય છે. **ધર્મધ્યાન** અને **શુકલધ્યાન** એ બે શુભ અથવા શુદ્ધ ધ્યાનના ભેદ છે,ત્યારે **આર્ત્તધ્યાન** અને **રૌદ્રધ્યાન** એ બે અશુભ અથવા અશુદ્ધ ધ્યાનના ભેદ છે. **આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય** એ ચાર પ્રકારે ધર્મધ્યાન થાય છે. સર્વજ્ઞ પરમાત્માએ આપણા એકાંત કલ્યાણને માટે યોગ્યતાનુસારે જે જે આજ્ઞાઓ કરેલી છે (મુનિને માટે ક્ષમા, માર્દવ, આર્જવાદિ દશ પ્રકારની સખ્ત આજ્ઞા ફરમાવી છે તેમજ તેજ દશવિધ માર્ગને યથાશક્તિ બની શકે તેટલે અંશે આરાધવા ગૃહસ્થ શ્રાવકને પણ ફરમાવ્યું છે, એમ પરમકૃપાળુ ભગવંતે જે જે વિધિનિષેધ ભવ્ય પ્રાણીઓના એકાંત હિતને અર્થે જણાવેલ છે ), તેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી તે પ્રમાણે વર્તવા ગફલત નહિ કરતાં સદા સાવધાન રહેવું તે **આજ્ઞાવિચય**. રાગ, દ્વેષ,કામ,ક્રોધ,મોહાદિ અંતરંગ શત્રુઓથી સદા ચેતતા–જાગતા રહેવું તે **અપાયવિચય**. પૂર્વે કરેલાં શુભાશુભ કર્મના ઉદય અનુસારે જીવને જ્યારે શુભાશુભ સંયોગ મળે ત્યારે હર્ષ શોક નહિ કરતાં તે દરેક પ્રાપ્ત સંયોગમાં સમભાવ રાખી સ્વકર્તવ્યપરાયણ રહેવું તે **વિપાકવિચય**. ચાદ રજ્જવાત્મક સંપૂર્ણ લોકનું સંસ્થાન–સ્વરૂપ વિચારી અંતે સંપૂર્ણ લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્ય પ્રદેશવાળા પોતાના આત્માના સ્વરૂપનો નિર્ધાર કરી સ્વભાવરમણી થવું તે **સંસ્થાનવિચય** ધર્મધ્યાન સમજવું. વળી ૧ પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર, ૨ એકત્વ વિતર્ક અપ્રવિચાર, ૩ સૂક્ષ્મક્રિય અપ્રતિપાતિ અને ૪ વિગતક્રિય અનિવર્તી એ રીતે ૪ ચાર પ્રકારનું **શુક્લધ્યાન**

* ગયા અંકમાં ' શમાષ્ટક ' ને બદલે ભૂલથી ' જ્ઞાનાષ્ટક ' લખાએલું છે,તથા ત્રીજા શ્લોકમાં ભેદ બેનો લખાયેલો છે તે સુધારીને વાંચવું. **તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રમાં વર્ણવેલું છે. પરંતુ તે અતિ વિશુદ્ધ ધ્યાન કેવળ અનુભવગમ્ય હોવાથી તેનું સ્વરૂપ આપણી જેવાને અગમ્ય છે. **પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ** અને **રૂપાતીત** એવા ચાર ૪ ભેદ પણ ઉપર બતાવેલ નિર્મળ ધ્યાનના થઇ શકે છે. પ્રભુની પરમ શાંત મુદ્રા (પ્રતિમાદિક)નું અવલંબન લઇ આપણા મનની તદાકાર વૃત્તિ કરવી તે **પિંડસ્થ**, પ્રભુના પવિત્ર નામમંત્રનું આલંબન લઇ ચિત્તનું એકાગ્રપણું કરવું તે **પદસ્થ**,પ્રભુની વીતરાગ દશા કેવળી અવસ્થાનું અવલંબન લઈ ચિત્તવૃત્તિને તદાકાર કરવા પ્રયત્ન કરવો તે **રૂપસ્થ**,અને પ્રભુની સિદ્ધ દશાનેજ અવલંબી ચિત્તની તદાકાર વૃત્તિ કરવી તે **રૂપાતીત** ધ્યાન કહ્યું છે. ઉપર બતાવેલ નિર્મળ ધ્યાન ત્યારેજ સધાય છે કે જ્યારે જીવ માઠા આચારવિચારનો દિન પ્રતિદિન પરીહાર કરવા પૂર્વક શુદ્ધ નિર્મળ આચારવિચાર પાળવા તનમનથી પોતે પ્રયત્ન કરે, નમ્ર અને મિષ્ટ વચનથી એવો પ્રયત્ન કરાવે, તેમજ તેવા પવિત્ર પ્રયત્ન કરનારને યથાઅવસર અનુમોદન આપે. જે બાપડા પામર પ્રાણીઓ અહોનિશ કલ્પિત સ્વાર્થમાંજ મગ્ન રહી ક્ષણિક એવાં વિષયસુખને કાજેજ મથન કરી રહ્યા છે તેમને તો ઉપર કથેલા પ્રશસ્ત ધ્યાનનો કે તેથી સાક્ષાત્ અનુભવાતાં સ્વાભાવિક સુખનો સ્વાદ સરખો ક્યાંથી મળી શકે? પરંતુ જે સત્પુરૂષો સ્વાર્થત્યાગી બની ક્ષણિક એવાં કલ્પિત સુખની દરકાર નહિ કરતાં કેવળ પારમાર્થિક સુખનીજ ગવેષણા કરી રહ્યા છે, તેમને પુરૂષાર્થયોગે પારમાર્થિક પંથે પળતાં પ્રશસ્ત ધ્યાનનો તેમજ તજ્જનિત સત્ય સ્વાભાવિક સુખનો આસ્વાદ કરવાનો સહેજે પ્રસંગ મળે છે. નિર્મળ ધ્યાનયોગે સકળ કર્મમળ દગ્ધ થઇ જાય છે; જેથી આત્મા કાંચનની જેવો વિશુદ્ધ થાય છે,તેમજ તેવા પ્રશસ્ત ધ્યાનયોગે ચિત્તની પણ વિશેષતઃ સ્થિરતા–શુદ્ધિ સંપ્રાપ્ત થઇ શકે છે. આત્માના સ્વાભાવિક ગુણોને અજવાળવાને ચિત્તની સ્થિરતા કેટલી બધી ઉપયોગી છે અને ચિત્તની અસ્થિરતાથી કેટલું બધું નુકશાન થાય છે, તેનું આપણે પાછલા ત્રીજા અષ્ટકમાં વિસ્તારથી અવલોકન કર્યું છે; અને ધ્યાતા ધ્યેય તથા ધ્યાનનું પણ સ્વતંત્ર સ્વરૂપ આ ગ્રંથના ૩૦મા અષ્ટકમાં આગળ જતાં વર્ણવેલું છે. પ્રશસ્ત ધ્યાનથી આત્માનો કેટલો બધો ઉપયોગ થાય છે તે અત્ર જોવાનું છે. **ચિદાનંદજી** મહારાજ ઉક્ત ધ્યાનનું માહાત્મ્ય પ્રગટ કરતા છતા કહે છે કે—

આતમધ્યાન સમાન જગતમે,<br>
સાધન નહિ કોઉ આન; જગતમે આ૦<br>
**રૂપાતીત** ધ્યાનકે કારણ, **રૂપસ્થાદિક** જાણ;<br>
તાહુમે **પિંડસ્થ** ધ્યાન પુન, ધ્યાતાકું પરધાન. જગતમે આ૦ ૧<br>
તે પિંડસ્થ ધ્યાન કેમ કરીયે, તાકો એમ વિધાન;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રેચક**[1] **પૂરક**[2] **કુંભક**[3] **શાંતિક**, કર સુખમન ઘર આન. જગત૦ ૨
[4]**પ્રાન સમાન ઉદાન વ્યાનકું**, સમ્યગ્ ગ્રહ હું **અપાન;**
સોંઈજ સુભાવ સુરંગ સભામે, અનુભવ અનહદ તાન. જગત૦ ૩
કર આસન ધર શુચિ સમ મુદ્રા[5], ગહી ગુરૂગમ એ જ્ઞાન;
**અજપા જાપ સોહં** સુ સમરન, કર અનુભવ રસપાન. જગત૦ ૪
આતમધ્યાન ભરત ચક્રી લહ્યો, ભવન આરીસા જ્ઞાન;
**ચિદાનંદ** શુભ ધ્યાન જોગ જન, પાવત પદ નિરવાન. જગત૦ ૫

પિંડસ્થાદિક ધ્યાનનું સુખ અનુભવગમ્ય હોવાથી તેના અભ્યાસીનેજ તે પ્રાપ્ત **થાય છે.** ઉપરના પદ્યમાં **પિંડસ્થાદિક** ધ્યાનનું વર્ણન કરેલું છે અને તેનો ઉપાય પણ બતાવ્યો છે. રેચક, પૂરક, કુંભક અને શાંતિકવડે શરીરમાં રહેલા અનેક જાતના વાયુનો નિગ્રહ કરવો અને એમ કરીને મનને સ્થિર કરવું. મનને અને વાયુને કંઇ એવો ગાઢો સંબંધ છે કે વાયુની સ્થિરતાએ મનની પણ સ્થિરતા થાય છે, તેથીજ વાયુનો નિરોધ કરવાની જરૂર રહે છે. તન મનને બાધાકારી મળનું ઉપર [illegible] ક્રિયાથી શોધન થાય છે, અને તેમ થતાં તન મન ચોખ્ખાં થાય છે. પરંતુ એ ક્રિયા કરતાં ગુરૂગમ્ય લઇ તે મુજબ વર્તવા કાળજી રાખવી જોઇએ, નહિંતો ઉલટું નુકશાન થઈ જાય છે. આ દ્રવ્ય રેચકાદિ ક્રિયા ઉપરાંત પ્રથમ **ભાવ રેચકાદિ** સ્વરૂપ સમજાવ્યું છે. તેની પ્રાપ્તિ થયેજ સર્વ પ્રયત્ન સફળ થાય છે. મનની સ્થિરતા થતાં તે સર્વ સુસાધ્ય થાયછે. જેમ પવન પડી જતાં–શાન્ત થતાં વાધેલી મેઘની ઘટા નિષ્ફળ જતી નથી, તેમ મન સ્થિર થતાં–શાન્ત થતાં સમાધિરૂપ મેઘઘટા વાધતી અમોઘ વૃષ્ટિને કરે છે. તેમાં પણ જો પુનઃ ચિત્તની અસ્થિરતારૂપ વાયુની ઉદીરણા થાય તો તે વાધેલી સમાધિરૂપ મેઘની ઘટા પાછી વીખરાઇ જાય છે. પરંતુ પૂર્વપ્રયત્નયોગે પ્રગટેલી ચિત્તની સ્થિરતા એમની એમ જળવાઇ રહે, પ્રતિકૂળ સંયોગે વિખરાઈ ન જાય તો તેથી અવિચ્છિન્ન સુખ–સમાધિરૂપ મેઘની વૃષ્ટિ થાય છે, અને એવી રીતે અવિચ્છિન્ન સુખ–સમાધિની વૃષ્ટિ થવાથી દયારૂપી નદી છલકાઇ જાય એવું શમ (શાંતિ) રૂપ પાણીનું પૂર એટલું બધું વધે છે કે તેથી પાંચે ઇંદ્રિયોના સકળ વિષય વિકારરૂપ વિષવૃક્ષો સમૂળગાં ઘસડાઇ જાય છે. જ્યારે બહિર્ વિષયોમાં ભટકતું મન શુભ અભ્યાસવશાત્ તેમાંથી નિવર્તી શુભ

૧ પ્રાણાયામ.–શ્વાસોશ્વાસ નિરોધના નિયમથી વાયુને બહાર નીકાલવો. ૨ વાયુને અંદર ભરવો. ૩ વાયુને સ્થિર કરવો. ૪ પ્રાણ આદિક વાયુ શરીરના જુદા જુદા ભાગોમાં વ્યાપેલા જાણવા. ૫ યોગ મુદ્રા, જિન મુદ્રા અને મુક્તાસુક્તિ મુદ્રા પ્રમુખ કોઇ વિશિષ્ટ મુદ્રા અથવા સમમુદ્રા એટલે સમતા સંભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આલંબનયોગે અંતર્મુખ થઇ સ્થિરતા પામે છે, અને ધ્યેય વસ્તુમાં ચિત્તની એકાગ્રતા થતાં અન્ય સર્વ સંકલ્પવિકલ્પની ઉપશાંતિ થવાથી જ્યારે શમ સામ્રાજ્ય પ્રવર્તે છે ત્યારે રાગ દ્વેષાદિક દુષ્ટ વિકારો આપોઆપ અદૃશ્ય થઇ જાય છે. ઉપાધ્યાયજી મહારાજે અન્યત્ર **શ્રી શાંતિનાથજી**ની સ્તવના કરતાં કહ્યું છે કે—

તાહરૂં ધ્યાન તે સમકિતરૂપ, તેહિજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાયે સઘળાં હો પાપ, ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછેજી. ૪
દેખી રે અદ્ભુત તાહરૂં રૂપ, અચરિજ ભવિકા અરૂપી પદ વરે જી;
તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી. ૫

આવી રીતે ધ્યેય સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા થતાં સમ્યગ્ દર્શન, જ્ઞાન, અને ચારિત્રનો અદ્ભુત લાભ પામી આત્મા અંતે અજર અમર પદનો ભોક્તા થઇ શકે છે. આમ પ્રસંગોપાત ધ્યાનનું પણ સ્વરૂપ વર્ણવી તેનો પ્રભાવ વર્ણવ્યો છે; તે શમ–સામ્રાજ્યનું પ્રબળ સાધન હોવાથી હવે સર્વ ગુણોનો અભ્યાસ કરતાં સાધુજનોએ શમનું પ્રધાનપણું સ્વીકારી તે સદાકાળ જાળવી રાખવું જોઇએ. એમ સ્પષ્ટ કરતા થકા ગ્રંથકાર જણાવે છે—

ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितोप्यहो!
तं नाप्नोति गुणं साधुर्यमाप्नोति शमान्वितः ॥ ५ ॥

**ભાવાર્થ**—અહો ! આશ્ચર્યની વાત છે કે જ્ઞાન ધ્યાન તપ શીલ અને સમ્યક્ત્વ ગુણ સહિત છતાં સાધુ તેવો આત્મલાભ નથી પામતા કે જેવો આત્મલાભ શમસંયુક્ત સાધુ પામી શકે છે.

**વિવેચન**—' उवसम सारं खु सामन्नं ' આ મહા ગંભીર અર્થસૂચક સૂત્રવચન જે મહાનુભાવ સાધુઓ સદા સરહસ્ય સંભારી રાખે છે તેઓ તો સારી રીતે સમજ સાથે આત્માર્થીપણે સ્વીકારે છે કે ' ઉપશમ ગુણ આદરવો એજ ચારિત્રનું સાર છે. ' ઉપશમ વિના ચારિત્રકરણી નિષ્ફળપ્રાય છે. શમ, ઉપશમ, પ્રશમ, શાન્તિ, ક્ષમા, સમતા, કષાયજય અને વૈરાગ્ય પ્રમુખ સર્વે એકાર્થવાચી છે. કષાયના જયથી પ્રગટ થતા ઉપશમ ગુણ વિના ચારિત્ર કેવળ હાંસીપાત્ર થાય છે. ઉપશમ વિના ચરિત્રની કઠણ ક્રિયા કરતા છતાં નિર્વાણપદની પ્રાપ્તિ થતી નથી. શમયુક્ત સાધુ જેવી સ્વાભાવિક શાંતિ આત્મામાં અનુભવી શકે છે, તેવી શાંતિ શમગુણ વિનાના સાધુ જોકે સમકિત સહિત જ્ઞાન, ધ્યાન, તપ, શીલ આદિક ગુણના અભ્યાસી હોય તોપણ અનુભવી શકે નહિ. શમ ગુણની જે વ્યાખ્યા આ અષ્ટકની શરૂઆતમાંજ ગ્રંથકારે આપેલી છે, તે ઉપરથી સમજી શકાશે કે એવી અદ્ભુત શાંતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગટવી એ આત્મજ્ઞાનનું અપૂર્વ ફળ છે; અર્થાત્ આત્મજ્ઞાન એ કારણ છે અને શમ રૂપ તેનું ફળ છે. **જ્ઞાનાષ્ટક**માં કહ્યા મુજબ " જેનાથી પોતાનામાં ઉદ્ભવેલા રાગદ્વેષાદિક દુષ્ટ વિચારો દૂર થાય—નષ્ટ થાય એવા એક પણ પરમાર્થયુક્ત વચનનું વારંવાર રટણ કરવું એજ ઉત્કૃષ્ટ જ્ઞાન છે. પરમાર્થશૂન્ય એવા ઘણા જ્ઞાનનો કંઇએ આગ્રહ નથી." આવા થોડા પણ તત્ત્વજ્ઞાનના બળથી પૂર્વે **માષતુષ** મુનિનું કામ થયેલું આપણે સાંભળ્યું છે. તેમજ ' ઉપશમ , વિવેક અને સંવર ' એવા ત્રણ પદની યથાર્થ રટનાથી **ચિલાતીપુત્ર** જેવા અઘોર પાપી જીવનું પણ કલ્યાણ થઇ શક્યું, તો બીજા સુલભબોધી જીવનું તો કહેવુંજ શું ! આવા એક કે અનેક પરમાર્થયુક્ત વચનનું આલંબન લઇ જે ભવ્યાત્મા પોતાનું કલ્યાણ સાધવા માગે છે તે સુખેથી નિઃશંકપણે પોતાનું કલ્યાણ સાધી શકે છે. ' આત્મામાં ખરી શીતળતા પેદા કરે એવા તત્ત્વજ્ઞાનનો લેશ પણ પામવો દુર્લભ છે, તો જે પુણ્યાત્મા તેવા તત્ત્વજ્ઞાનમાં સદા મગ્ન—ડુબાડુબ રહે છે તેમનું તો કહેવુંજ શું ! ' મતલબ કે જે જ્ઞાનથી આત્મામાં ખરી શાંતિ—શીતળતા પેદા થાય તેજ જ્ઞાન, તેજ ધ્યાન, તેજ તપ અને તેજ શીલ પ્રશંસવા યોગ્ય છે. જોકે સમકિતવંતમાં અનંતાનુબંધી કષાયના અભાવે કેટલાક અંશે ઉપશમ ભાવ તો હોય છેજ, તોપણ અત્ર જે શમગુણનું વર્ણન કરેલું છે તે આત્મજ્ઞાનના દૃઢ અભ્યાસથી બહુધા કષાય માત્રના ક્ષયઉપશમથી ઉત્પન્ન થયેલા ગુણવિશેષ માટેજ સમજવાનું છે, અને તેની વ્યાખ્યા અષ્ટકના આરંભમાંજ આપેલી છે. આવા શમ ગુણના પ્રભાવથીજ પૂર્વે અનેક મુનિવરોએ શિવ સુખ સાધ્યું છે. જ્યારે **ગજસુકુમાળ** મુનિના શિર ઉપર તેના સસરા **સોમિલે** દુષ્ટ આશયથી ખેરના ધગધગતા અંગારા ભર્યા ત્યારે તે મુનિએ આત્મામાં જે અપૂર્વ શાંતિ અનુભવી તે આવા **શમ પરિણામથી** જ. શમનો બીજો અર્થ અપૂર્વ શાંતિ સમતા કે ક્ષમા કહી શકાય. **અવંતિસુકુમાળ, દૃઢપ્રહારી, મેતાર્યમુનિ** તેમજ **ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોએ** જે પરમપદ સાધ્યું તે આ અપૂર્વ ગુણના પ્રભાવેજ. આ અનુપમ ગુણની પ્રાપ્તિથીજ ચારિત્ર ચરિતાર્થ એટલે સફળ થાય છે. તે વિના ચારિત્ર ફોગટ કલેશરૂપ થાય છે. પૂર્વે **મગ્નાષ્ટક**માં કહ્યું છે તેમ ' સાધુના ચિત્તની પ્રસન્નતારૂપી તેજોલેશ્યાની વૃદ્ધિ ચારિત્ર પર્યાયની વૃદ્ધિ સાથે વધતી જાય છે. તે આવા અપૂર્વ આત્મગુણના અભ્યાસી આશ્રી સમજવું.' ' ફક્ત ૧૨ માસના દીક્ષા પર્યાયવાળા સાધુ પોતાના ચિત્તની પ્રસન્નતાવડે અનુત્તર વિમાનવાસી દેવથી પણ અધિક સુખશાંતિ મેળવી શકે છે.' આ સર્વ અનુક્રમે અભ્યાસ કરાતા પરમાર્થયુક્ત ચારિત્ર આશ્રી વ્યવહારનયની અપેક્ષાએ કહેલું જાણવું. નિશ્ચયનયથી તો આત્મસ્વરૂપમાં રમણ કરનાર મહાશય અલ્પ સમયમાં મોક્ષનાં સુખ મેળવી શકે છે. એવાં અનેક દૃષ્ટાંત શાસ્ત્રમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી શકે છે. તેવા મહા પુરૂષોનાં પવિત્ર ચરિત્રથી બોધ લઇ આપણે પણ યથાશક્તિ તેમના પનોતે પગલે ચાલવા ચીવટ રાખવી યુક્ત છે. એવી શાંતિ–સમતા-ક્ષમાના ચિર પરિચયથી આપણે પણ અવશ્ય અક્ષય સુખના અધિકારી થઇ શકશું. અપૂર્વ શમ–શાંતિ ! તારી બલિહારી છે.

આવી રીતે શમયુક્ત ચારિત્ર પાળનાર મુનિજનોનો મહિમા અચિંત્ય છે, તેનું કોઇ રીતે વર્ણન થઇ શકે એમ નથી, તે વાત શાસ્ત્રકાર પોતેજ જણાવે છે—

स्वयंभूरमणस्पर्द्धि, वर्द्धिष्णु समतारसः
मुनिर्येनोपमीयेत, कोपि नासौ चराचरे. ॥६॥

**ભાવાર્થ**—સ્વયંભૂરમણ નામના વિશાળ સમુદ્રની સાથે સ્પર્ધા કરતો સમતા રસ જેમનામાં નિરંતર વૃદ્ધિ પામતો જાય છે, એવા મુનિવરને ઉપમા આપી શકાય એવી કોઇ પણ ચીજ આ ચરાચર જગતમાં જણાતીજ નથી.

**વિવેચન**—સ્વયંભૂરમણ નામનો સમુદ્ર સર્વ સમુદ્રોથી મ્હોટો છે, અસંખ્યાત યોજન પ્રમાણ વિશાળ છે, અગાધ જળથી ભરેલો છે; તોપણ તેની ઉપમા મુનિને ઘટતી નથી. કેમકે મુનિમાં તો અપરિમિત સમતારસ છતાં તેમાં દિન પ્રતિદિન વધારોજ થતો જાય છે.

'જે સમસ્ત તત્ત્વને જાણે–મુણે છે તે **મુનિ** કહેવાય છે;' અર્થાત્ જે સદ્વિવેકવડે સમસ્ત દુઃખદાયી સંયોગ ( વિભાવ ) નો ત્યાગ કરીને સદા સુખદાયી સ્વભાવ રમણને સેવે છે તેજ મુનિ ભાવનિગ્રંથ ગણાય છે. તેવા મુનિજન આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમણરૂપ પવિત્ર રત્નત્રયીના સેવનથી સદા સમતા રસમાં ઝીલેછે. વળી અપૂર્વજ્ઞાન ધ્યાન તથા તપ જપ સંયમના અભ્યાસથી નિરંતર ઉક્ત સમતા રસની વૃદ્ધિ થયા કરે છે,તેમાંજ રાજહંસની પેરે મુનિવરો સદા નિસગ્ન રહે છે. એવી રીતે આત્માના સ્વાભાવિક સુખમાં લયલીન રહેનારા મુનિજનોને કઇ વસ્તુની ઉપમા દઇ શકાય ? સર્વાંશે સરખાવી શકાય એવી તો એકે ચીજ નથી; પરંતુ કોઇ અંશે સરખાવી શકાય એવી ઉત્તમ વસ્તુઓનીજ ઉપમા મુનિજનોને આપવામાં આવે છે. એથી એવી મતલબ સમજવાની છે કે એ બધી ઉપમાઓ સર્વદેશી નહિ,પણ એકદેશી હોયછે. જેવી રીતે શક્રસ્તવ (નમુથ્થુણં)માં તીર્થંકર મહારાજને વિવિધ પ્રકારની ઉત્તમ ઉપમાઓ આપી છે તેવી રીતે અત્રાપિ સમજી લેવું.

શ્રીમત્ **ચિદાનંદજી** મહારાજ શુદ્ધ નિગ્રંથ મુનિના ગુણગ્રામ કરતા થકા કહે છે કે—

ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જિમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પેરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અવધુ નિરપક્ષ વિરલા કોઇ.

પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ એસા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા. અ૦

ચંદ્રમા અમૃતકિરણ કહેવાય છે, તેનાં શીતળ કિરણોને નિરખતાં જોનારની આંખને શીતળતા વળે છે, તેથી અધિક શીતળતા સંત સુસાધુ જનોનાં દર્શન કરતાં પ્રગટે છે. ચંદ્રમાનાં કિરણનો સ્પર્શ થતાં ક્ષણિક તાત્કાલિક સુખ થાય છે,ત્યારે સત્પુરૂષોનો સમાગમ થતાં ભવ્યાત્માને ચિરકાળસ્થાયી એવું સ્વાભાવિક સુખ પ્રગટે છે. સંતપુરૂષોના યોગમાં કોઇ અપૂર્વ અમૃત રહેલું છે,જેનો લાભ સ્વાભાવિક રીતે જગતને મળે છે. કહ્યું છે કે-" મન, વચન અને કાયામાં ( વિચાર, ઉપદેશ અને આચારમાં ) અભિનવ અમૃતથી ભરેલા એવા કેટલાક સન્ત પુરૂષોનું અસ્તિત્વ જગતમાં છે કે જે અનેક ઉપકારનાં કાર્યોવડે સર્વને સંતોષ ઉપજાવે છે, અને અન્યમાં રહેલા અણુમાત્ર ગુણને પર્વત તુલ્ય લેખી પોતાના દીલમાં પ્રસન્ન થાયછે." જેમના આત્મામાં સર્વત્ર શાન્તિ વ્યાપી રહેલી છે એવા સંત પુરૂષોને ચંદ્રમાની ઉપમા આપવામાં આવી છે તે અન્ય ઉપમાના અભાવે સમજવી.

બીજી ઉપમા સાયર-રત્નાગરની આપેલી છે. જેમ મહાસાગર અગાધ ઉંડો અને વિશાળ હોય છે તેમજ તે અમૂલ્ય રત્નોથી ભરેલો હોય છે; વળી તે રત્નોથી ભરેલો હોવા છતાં છલકાઇ જઇ પોતાનામાં રહેલા અમૂલ્ય રત્નોને ફેંકી દેતો નથી, પણ તેમને યત્નથી પોતાની અંદર સાચવી રાખે છે; તેમ નિગ્રંથ મુનિવરો પણ ઉંડા અર્થ-રહસ્યવાળા અગાધ અને વિશાળ જ્ઞાન રૂપી અમૃતરસયુક્ત નિર્મળ શ્રદ્ધા શીળ સંતોષાદિક અમૂલ્ય ગુણરત્નોથી ભરપૂર હોય છે, તેમ છતાં તે પવિત્ર મુનિવરો શાન્ત મહાસાગરની પેરે સદા સ્વમર્યાદામાં રહે છે. કદાપિ સ્વમર્યાદા મુકીને સ્વગુણનો પણ ગર્વ કરતા નથી. પોતાને પ્રાપ્ત થયેલા સર્વ સદ્ગુણોને યત્નથી સાચવી રાખે છે. વિષય, કષાય કે વિકથાદિક પ્રમાદવડે પોતાના છતા સદ્ગુણોનો લોપ થવા દેતા નથી. વળી સમુદ્રમાં તો કેવળ જડ રત્નો હોય છે, અને ભાવ મુનિમાં ખરાં ભાવ રત્નો હોય છે. એમ સર્વ રીતે જોતાં મહાસાગર કરતાં મુનિમાં ઘણું મહત્ત્વ રહેલું છે, તોપણ અન્ય ઉપમાના અભાવે મુનિને મહાસાગરની ઉપમાં આપવામાં આવેલી છે.

ત્રીજી ઉપમા મુનિને ભારંડપક્ષીની આપવામાં આવી છે. ભારંડપંખીનું જોડલું સદા સાથે લાગુ રહે છે. મન, વચન અને કાયાથી તે સદા સરખી ક્રિયા કરે છે. એટલું બધું સાવધાનપણું તે સાચવી પોતાનાં કામ કરે છે કે તેમાં રંચમાત્ર ફારફેર પડતો નથી; તેમ છતાં જો કોઇ વખતે કોઇની કંઇ પણ ગફલત થઇ જાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તે બંનેના પ્રાણ જાય છે. તેમના સ્વપ્રાણની રક્ષા એક બીજાની ખરી કાળજી અને ઉદ્યમ ઉપર આધાર રાખે છે. એકની ગફલતથી બંનેને મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય છે. આવી રીતે સર્વ પ્રમાદ તજી અપ્રમત્ત ભાવે રહી મુનિ આત્મસાધન કરે છે. **ભવોદ્વેગાષ્ટકમાં** ગ્રંથકારે જણાવ્યું છે કે "ભવભીરૂ (જેને જન્મ મરણાદિક દુઃખનો ત્રાસ લાગ્યો છે તેવા) મુનિને સંયમ ક્રિયામાં જેવું સાવધાનપણું સંપૂર્ણ તેલ-પાત્રધારીને અથવા રાધાવેધ સાધનારને રાખવું પડે છે તેવું રાખવું જોઈએ; અર્થાત્ સંયમ સાધનામાં લગારે ગફલત અનર્થકારી છે." "જેમ વિખનું ઔષધ વિખ છે અને અગ્નિનું ઔષધ અગ્નિ છે, અર્થાત વિષદષ્ટને જેમ લીમડો ચવરાવાય છે, અને અગ્નિદગ્ધને જેમ અગ્નિવડે શેકાય છે તો તેનો દંશ અને દાહ ઉપશમી જાય છે, તેમ ભવભીરૂ જનો ઉપસર્ગથી ડરી જતા નથી, પણ ગમે તેવા ઉપસર્ગ પરિસહોને અદીનપણે સમભાવથી સહી લે છે; અને એમ દુઃખ સહન કરવા વડે દુઃખનો પ્રતિકાર કરે છે, એટલે સદ્વિવેકવડે સર્વ દુઃખને સહી ભવ ભવનાં દુઃખ દૂર કરી શકે છે." આવી રીતે સત્ સાધનવડે આ ભયંકર ભવ-સમુદ્રને સંપૂર્ણ રીતે તરી પાર પામવા જ્ઞાની મુનિઓ સદા સાવધાન રહે છે; તેથી તેમને શાસ્ત્રકારે ભારંડની ઉપમા આપી છે. ભારંડને કેવળ પોતાના દ્રવ્ય પ્રાણની રક્ષા કરવા સાવધાન રહેવું પડે છે, ત્યારે ભવભીરૂ મુનિ દ્રવ્ય પ્રાણની દરકાર તજી નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગરૂપ પોતાના ભાવ પ્રાણનીજ રક્ષા તથા પુષ્ટિ કરવા સદા સાવધાન રહે છે. અર્થાત્ મુનિવરની અપ્રમત્તતા બહુજ ઉંચા પ્રકારની છે. આવા અપ્રમત્ત મુનિઓ શીઘ્ર મોક્ષના અધિકારી થઈ શકે છે.

ચોથી ઉપમા મુનિને **મેરૂપર્વતની** આપી છે. સર્વ પર્વતોમાં મેરૂપર્વત દેવગિરિ કહેવાય છે. તેના ઉપર દેવતાના વાસ છે. તે પર્વતનાં મૂળ એટલાં ઉંડાં અને મજબૂત છે કે ગમે તેવા પ્રલય કાળના પવનથી પણ તે ચલાયમાન થઇ શકતો નથી. જે મુનિ પોતાના વ્રતનિયમમાં નિશ્ચળ રહે છે, જ્ઞાન ધ્યાન તપ જપ સંયમમાં સદા સાવધાન થઇ અડગ પ્રયત્ન સેવે છે, જે પ્રથમ પુખ્ત વિચારપૂર્વક સુખે નિર્વહી શકાય એવીજ પ્રતિજ્ઞા કરે છે અને કરેલી પ્રતિજ્ઞાને પ્રાણાન્ત સુધી અડોલ વૃત્તિથી પાળે છે તે મુનિવરો સુવર્ણગિરિ સમાન નિશ્ચળ પરિણામી ગણાય છે. એવા મુનિવરોને દેવ દાનવો પણ સ્વનિયમથી ડગાવવા સમર્થ થઇ શકતા નથી. એવા મુનિવરો અપ્રમત્ત યોગથી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઇ અનુક્રમે સઘળાં ઘાતિ[1] કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાનાદિક અનંત ચતુષ્ટય પામી આયુષ્ય સદ્ભાવે અનેક ભવ્યજનોનો ઉદ્ધાર કરે છે, અને અલ્પ આયુષ્ય હોય તો શૈલેશીકરણ[2] કરી બાકીના અઘાતિ[3] કર્મનો પણ અંત કરી અજરામરપદને પામે છે.

---

૧ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યગુણની ઘાત કરે એવા જ્ઞાનાવરણીયાદિ કર્મ. ૨ ચૌદમા ગુણઠાણે શૈલેશ ( મેરૂપર્વત ) પેરે સંપૂર્ણ (નિશ્ચળતા-સ્થિરતા) યોગ નિરોધ. ૩ નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય કર્મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચમી ઉપમા મુનિને કમળની આપી છે. પંકજ નામ કમળનું છે, તે પંક એટલે કાદવમાંથી ઉત્પન્ન થાય છે અને જળથી વૃદ્ધિ પામે છે છતાં તે બંનેથી ન્યારૂં-નિરાળવું રહે છે; તેમ ભોગપંકથી ઉત્પન્ન થઈ વિષયજળથી વૃદ્ધિ પામ્યા છતાં મુનિજનો તે બંનેથી કમળની જેમ ન્યારા-નિરાળવા થઇ રહે છે. અર્થાત્ મુનિરાજ સર્વ કામવિકારને તજી નિષ્કામી થઇ આત્મ-સમાધિમાં મગ્ન રહે છે. જેમ કમળ પોતાની સ્વભાવસિદ્ધ વાસનાવડે અનેક જનોને આનંદ આપે છે, અનેક ભોગી ભમરા તેના મકરંદનું પાન કરીને પુષ્ટ બને છે, તેમ મુનિવર પણ પોતાની સહજ અધ્યાત્મ વાસનાથી અનેક ભવ્યાત્માઓને આનંદકારી થાય છે. સેવારસિક કેટલેક નિકટભવી જનો તેમના ઉપદેશામૃતનું અથવા તપસંયમાદિ અપૂર્વ ગુણ મકરંદનું પાન કરી પુષ્ટ બને છે. એમ કમળની પેરે ન્યારા-નિર્લેપ રહી ભવ્ય જનોનું હિત કરનાર અપ્રમત્તાદિ મુનિવરોજ ખરેખર કલ્યાણ સાધી શકે છે. આવી આવી અનેક ઉત્તમ ઉપમાઓ મુનિજનોને આપી શકાય છે, તે અમુક ગુણના સાધર્મ્ય ( સરખાપણા )ને લઈનેજ સમજવી. ખરૂં જોતાં તો શુદ્ધ ભાવયુક્ત મુનિના સદ્ગુણોની સાથે હોડ કરી શકે એવી કોઈ ચીજ આ ચરાચર જગત્‌માં જણાતીજ નથી. તેથી **અનુપમ**[1] એવા અનગાર-મુનિવરો સર્વ શિરોમણિભૂત પરમેષ્ઠિપદે[2] બિરાજે* છે. એવા પવિત્ર પદને શોભાવનાર નિગ્રંથ મુનિવરોના ચરણમાં અમારા કોટિશઃ[3] નમસ્કાર હો ! ! અપૂર્ણ.

# ઉપદેશમાળાના લેખમાં થયેલી ભૂલનો સુધારો.

ગયા અંક ૮માના પૃષ્ઠ ૨૪૮ માં ઉપદેશમાળા સંબંધી વિષયમાં ' અવધિજ્ઞાની શું જાણે-દેખે ?' એની બાજુમાં જે પારિગ્રાફ લખ્યો છે તેમાં ' અવધિજ્ઞાની વર્તમાન રૂપી પદાર્થનેજ જોઇ-જાણી શકે છે ' એમ લખાયેલું છે તેમાં લેખકની ભૂલ થયેલી છે. ' અવધિજ્ઞાની ત્રણે કાળના રૂપી પદાર્થોને જોઈ-જાણી શકે છે' એવો શાસ્ત્રલેખ છે; અને તેથી ધર્મદાસગણિ અવધિજ્ઞાની હોવાથી હવે પછી થનારા ભાવને સૂચનરૂપે લખે તો લખી શકે એ વાત બંધબેસતી છે.

તંત્રી.

---

૧ જેને કોઈ ઉપમા ધટી શકતી નથી એવા ઉપમાતીત. ૨ પરમ પૂજ્ય પદે. * શોભે ૩ કોટિવાર. અનેકવાર.

For Private And Personal Use Only